Society for Education Welfare and Action- Rural

ગરીબને, અભણને અજ્ઞાનીને,
દુઃખીને ઈશ્વર માનો.
આવા લોકોની સેવા
એ જ પરમ ધર્મ છે.

સ્વામી વિવેકાનંદ

# ૪૫મો વાર્ષિક અહેવાલ ૨૦૨૪–૨૦૨૫

# સેવા રૂરલ

આ વિકાસલક્ષી સ્વૈચ્છિક સંસ્થા દક્ષિણ ગુજરાતના ગ્રામીણ અને આદિવાસી વિસ્તારમાં આરોગ્ય અને અન્ય વિકાસનાં કાર્યોમાં **૪૫** વર્ષથી કાર્યરત છે. દેશ પરદેશમાં અભ્યાસ તથા અનુભવ બાદ, સ્વામી વિવેકાનંદ અને ગાંધીજીના વિચારો અને આદર્શોને આધારિત કાર્યની નાની શરૂઆત ૧૯૮૦માં કેટલાક મિત્રો દ્વારા કરવામાં આવી હતી જેમાં સમાન વિચારસરણી ધરાવતા અન્ય વ્યકિતઓ સમયાંતરે જોડાયા.

સેવા રૂરલનો પ્રયત્ન **છેવાડાના ગરીબ અને વંચિતોને** આરોગ્ય અને વિકાસનાં કાર્યો દ્વારા, જે તે સમાજની જરૂરિયાત અને પ્રાપ્ય માનવબળને ઘ્યાનમાં રાખીને **મદદરૂપ થવાનો છે.** સાથે સાથે કાર્યમાં **મૂલ્યોની જાળવણી અને કાર્યરત વ્યકિતઓનો વ્યાપક અર્થમાં વિકાસ** પણ થાય તેવો પ્રયાસ છે. બધા જ કાર્યક્રમોના કેન્દ્રમાં કુટુંબના વંચિત સભ્યો જેમ કે મહિલાઓ, બાળકો અને વૃઘ્ધો તેમજ સમાજનો વંચિત વર્ગ એટલે કે ગરીબો રહ્યાં છે.

સંસ્થાની પ્રવૃત્તિઓમાં **સામાજિક સેવા, વૈજ્ઞાનિક અભિગમ અને આઘ્યાત્મિક દ્રષ્ટિકોણ** કેન્દ્રસ્થાને છે. આ ત્રણ પાયાની બાબતોનો સમાવેશ કરી એ ત્રણેનો સમુચિત સમન્વય થતો રહે એ માટે વિશેષ પ્રયત્ન કરવામાં આવે છે.

સંસ્થાના વિવિધ કાર્યોમાં સમાવેશ થાય છેઃ ૨૦૦ પથારીની **કસ્તુરબા હોસ્પિટલ** કે જેના દ્વારા આજુબાજુના ૨૫૦૦થી પણ વધારે ગામોના લોકોને ગુણવત્તાસભર તબીબી સેવાઓ રાહતદરે મળી રહી છે. મોટી સંખ્યામાં ગરીબ દર્દીઓની મફત સારવાર કરવામાં આવે છે. **કોમ્યુનિટી હેલ્થ પ્રોજેકટ** હેઠળ ગામડાઓમાં ઘરઆંગણે વિવિધ પ્રાથમિક આરોગ્યની સેવાઓ ખાસ ટેકનોલોજીના માઘ્યમથી અપાઈ રહી છે. જેમાં સીકલસેલ, જીવન શૈલી આધારિત બીન ચેપી રોગો, નવજાત બાળકોનું ફોલોઅપ વિગેરેનો સમાવેશ થાય છે. **કિશોર સશકિતકરણ કાર્યક્રમ** મોટી સંખ્યામાં યુવાનોને સ્વસ્થ અને જવાબદાર ભાવિ નાગરીક બનાવામાં મદદ કરે છે. **સેવા રૂરલના વિવિધ સંશોધનો** જાણીતા આંતરરાષ્ટ્રીય સામયિકોમાં પ્રકાશિત થઈ રહયા છે. **નેત્રરક્ષા કાર્યક્રમ** હેઠળ ભરૂચ અને આજુબાજુના જિલ્લાઓને આવરી લેતી ૨૦ લાખની વસ્તીને આંખની અદ્યતન સારવાર પુરી પાડવામાં આવી રહી છે, **વિવેકાનંદ ગ્રામીણ ટેકનીકી કેન્દ્ર**માં દર વર્ષે લગભગ ૨૦૦ જેટલા અર્ધશિક્ષિત આદિવાસી અને ગ્રામીણ યુવાન – યુવતીઓને કૌશલ્ય અને મૂલ્યો આધારીત એક વર્ષની વ્યવસાયિક તાલીમ બાદ સૌને ઉદ્યોગોમાં નોકરી અને સ્વરોજગાર દ્વારા પગભર બનાવાઈ રહ્યાં છે. ૧૯૮૫થી હાથ ધરેલ મહિલા વિકાસને લગતા વિવિધ જાગૃતિ, સશકિતકરણ અને આર્થિક રોજગારી અને બાળકોમાં પૂરક શિક્ષણના કાર્યક્રમોની જવાબદારી હવે જુલાઈ ૨૦૦૨થી **સેવા રૂરલ પ્રેરિત શારદા મહિલા વિકાસ સોસાયટી** અંતર્ગત સ્વતંત્ર રીતે બહેનોએ જ ઉપાડી લીધી છે. આમ, સેવા, સંશોધન, તાલીમ અને સશકિતકરણના કાર્યક્રમોના અનોખા સમન્વય દ્વારા સેવા રૂરલની અસર અમારા પ્રોજેકટ વિસ્તાર ઉપરાંત અન્ય રાજયોમાં વિસ્તાર પામી રહી છે.

આ કાર્યક્રમોના પાયામાં રહેલ અમારી કાર્યશૈલી અને પારદર્શિતા, બિન–ભેદભાવ, તમામ ધર્મો વચ્ચે સુમેળ, સુશાસન અને સામૂહિક નેતૃત્વ વિગેરે મૂલ્યો પર અમને ગર્વ છે. સ્થાપકોએ આગામી પેઢીના નેતાઓ માટે જગ્યા બનાવીને સંસ્થાને ટકાઉ બનાવી છે. સેવા રૂરલને ૩૫ થી વધુ આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય પુરસ્કારો મળ્યા છે.

સેવા રૂરલ સમાજનાં બધા જ વ્યાપક ઘટકો સાથે રહીને કામ કરવામાં માને છે જેમ કે સ્થાનિક લોકો, અન્ય દેશ–વિદેશની સ્વૈચ્છિક સંસ્થાઓ, સરકાર, ખાનગી ઉદ્યોગો, શૈક્ષણિક સંસ્થાઓ વિગેરે. પરિણામે વિકાસના લાભો અને તેની દૂરગામી હકારાત્મક અસરોને સમાજના વંચિત વર્ગો–મહિલાઓ, બાળકો અને વૃઘ્ધ આદિવાસીઓ અને ગરીબો સુધી પહોંચાડવાના સેવા રૂરલના ઘ્યેયને ઉત્તરોત્તર બળ મળતું રહે છે. વધુ વિગતો સંસ્થાની વેબ સાઈટ www.sewarural.org પરથી મળશે.

# મેનેજીંગ ટ્રસ્ટીનો પત્ર

સ્નેહીજનો,

કુશળ હશો.

સેવા રૂરલનો વર્ષ ૨૦૨૪–૨૫નો ૪૫મો વાર્ષિક અહેવાલ આપ સૌની સમક્ષ રજુ કરતા આનંદ અનુભવીએ છીએ. આ અહેવાલમાં ગરીબો, આદિવાસી અને વંચિતો માટે વર્ષ દરમિયાન સેવા રૂરલ દ્વારા જે વિવિધ સેવાઓ પહોંચાડવામાં આવી છે તેની ઝાંખી ઉપરાંત ઓડિટેડ હિસાબ સહિતનો નાણાંકીય ચિતાર અને દાતાઓની વિગત રજુ કરવામાં આવી છે.

આપ જેવા અનેક શુભેચ્છકો, દાતાઓ, ચેરીટેબલ ટ્રસ્ટો, ઉદ્યોગો અને વિવિધ સંસ્થાઓ તરફથી મળી રહેતો સાથ, સહકાર અને હુંફ માટે અમો આપ સૌના ખાસ આભારી છીએ.

છેલ્લા ત્રણેક વર્ષથી હોસ્પિટલના વિસ્તૃતિકરણ માટે ચાલી રહેલ "મેગા બાંધકામ પ્રોજેકટ" હેઠળ કુલ ત્રણ નવા મકાનો પૈકી પ્રથમ બે મકાનો "દર્દી સુવિધા કેન્દ્ર" તેમજ બીજું મકાન "નેત્ર રક્ષા કેન્દ્ર અને ઓપરેશન થિયેટર" કાર્યરત થઈ ગયા છે ત્રીજું "NICU અને હોસ્પિટલ વોર્ડ" માટેના મકાનનું બાંધકામ પૂરજોશમાં ચાલી રહયું છે જે વર્ષ ૨૦૨૬ના મધ્યમાં કાર્યરત થઈ જશે. આ ઉપરાંત વધુ ઊંડાણના કામોના દર્દીઓને સમુદાય કક્ષાએ અસરકારક આરોગ્ય સેવાઓ મળી રહે તે માટે નવી અધ્યતન ટેકનોલોજીનો સઘન ઉપયોગ ગત વર્ષથી શરૂ કરવામાં આવ્યો છે હોસ્પિટલ કક્ષાએ પણ ટેકનોલોજી આધારિત નવી HMIS સિસ્ટમ દ્વારા દર્દીની સારવારની ગુણવત્તા અને ડિજિટલ રેકોર્ડ વિકસાવવામાં આવી રહયા છે.

ખાસ ગુજરાત સરકારના આદિવાસી વિકાસ વિભાગ દ્વારા વિવેકાનંદ ગ્રામીણ ટેકનિકી કેન્દ્રનું પાંચ વર્ષનો પ્રોજેકટ ફરીથી મંજૂર કરવામાં આવ્યો છે, કે જેનાથી નિભાવ ખર્ચ માટે અગત્યની નાણાંકીય સહાય ફરી પ્રાપ્ત થશે. વધુ વિદ્યાર્થીઓને ટેકનિકી તાલીમ આપવાના ઉદ્દેશ્યથી વિજીટીકે કેમ્પસમાં માળખાકીય સુવિધાઓનું વિસ્તૃતિકરણ કરવાની જરૂર ઉભી થઈ છે.

સંસ્થાના લાંબા ગાળાના ભવિષ્ય માટે નિષ્ઠાવાન અને જવાબદાર કાર્યકરોની બીજી હરોળ ઉભી થાય તે માટેના સઘન પ્રયત્નો શરૂ કરવામાં આવ્યા છે.

ઈશ્વર કૃપા, નિષ્ઠાવાન કાર્યકરો અને વિવિધ કન્સલ્ટન્ટોના સથવારે સેવા રૂરલની સેવા યાત્રા હવે જયારે ૪૫મા વર્ષમાં પ્રવેશી છે ત્યારે આ વાર્ષિક રિપોર્ટ અંગે આપના પ્રતિભાવો અને સૂચનો આવકાર્ય છે.

પુનઃ સૌના આભાર સાથે,

સેવા રૂરલ પરિવાર વતી,

સહૃદયી,

| | |
|---|---|
| પંકજ શાહ | તા. ૧૫/૦૧/૨૦૨૬ |
| બંકિમ શેઠ | સેવા રૂરલ, ઝઘડીયા |

# અનુક્રમણિકા


| અનુ.નં. | વિગત | પાન નંબર |
|---|---|---|
| ૧. | નોંધપાત્ર સંસ્થાકીય બાબતો | ૧ |
| ૨. | હોસ્પિટલ | ૪ |
| ૩. | કોમ્યુનીટી હેલ્થ પ્રોજેક્ટ | ૧૦ |
| ૪. | કિશોર–કિશોરી જાગૃતિ કાર્યક્રમ | ૧૫ |
| ૫. | વિવેકાનંદ ગ્રામીણ ટેકનીકી કેન્દ્ર | ૧૭ |
| ૬. | શારદા મહિલા વિકાસ સોસાયટી | ૨૧ |
| ૭. | સલામતી, સ્વાસ્થ્ય અને પર્યાવરણ નીતિ | ૨૨ |
| ૮. | સેવા રૂરલમાં ગત વર્ષે થયેલ સંશોધન કાર્યો અને બૃહદ પરિણામો | ૨૩ |
| ૯. | અમારા સાથી... અમારા કાર્યકરો માટે | ૨૫ |
| ૧૦. | નાણાંકીય સ્ત્રોત | ૨૮ |
| ૧૧. | ઓડીટેડ રિપોર્ટ | ૩૦ |
| ૧૨. | અમે આભારી છીએ (સંસ્થાને મળેલ દાનની વિગત) | ૩૭ |
| ૧૩. | સ્વૈચ્છિક સંસ્થાઓની વિશ્વસનીયતા માટેનાં ધારાધોરણોનો અમલ | ૫૮ |
| ૧૪. | સેવા રૂરલ વિવિધ વિભાગોનું મુલ્યાંકન માટે સલાહકાર સમિતિ | ૬૦ |
| ૧૫. | ટ્રસ્ટી મંડળ | ૬૨ |

# નોંધપાત્ર સંસ્થાકીય બાબતો

## સેવા રૂરલનું મિશન

### (અ) ગરીબોની સેવા

- સેવા રૂરલ અને શારદા મહિલા વિકાસ સોસાયટીની તમામ પ્રવૃતિઓમાં વંચિત અને જરૂરિયાતમંદ લાભાર્થીઓ કેટલા પ્રમાણમાં લાભ લઈ રહયા છે ? તે માટે દર બે વર્ષે મોટા ભાગના વિભાગોમાં અતિવંચિતનું પ્રમાણ જાણવા માટે સર્વે કરવામાં આવે છે. સેવા રૂરલમાં અતિવંચિત લાભાર્થીનું પ્રમાણ ૧૯%, ટયુટોરિયલ વિભાગમાં ૨૧%, હોસ્પિટલ વિભાગમાં ૨૦%, આંખ વિભાગમાં ૩૪%, વિજીટીકેમાં ૧૬% અને ગારમેન્ટ વિભાગમાં ૩૨% જોવા મળ્યું હતું. જેતે વિભાગોમાં કોઈ અતિવંચિતો રહી ન જાય તે દિશામાં સભાન પ્રયત્ન કરવાનું નકકી કરવામાં આવ્યું છે.

### (બ) મૂલ્યો આધારિત કાર્યપધ્ધતિ

- મુલ્યો આધારિત કામમાં નાનામાં નાના કાર્યકરો પણ એને અનુસરે છે. કેમ્પસમાંથી, હોસ્પિટલમાંથી કંઈ પણ વસ્તુ મળે કે તરત એડમિનીસ્ટ્રેટરને જમા કરાવે છે. આ તો કેવી મોટી વાત કહેવાય ? **હોસ્પિટલમાંથી સાફ – સફાઈ વખતે, રસ્તામાંથી વિગેરે જગ્યાએથી કુલ ૫૨ (બાવન) કાર્યકરોને ૮૭૫૪/–રૂા. મળ્યા જે જમા કરાવ્યા.** આ બધા જ કાર્યકરો ખૂબ જ જરૂરિયાતવાળા છે. છતાં પોતાની ઈમાનદારી એટલી કે સંસ્થા અમને પગાર આપે છે પછી મળેલ વસ્તુ કે કોઈ બક્ષિસ રૂપે કંઈક આપી જાય તે વસ્તુ કઈ રીતે લેવાય?

  આ મળેલા રૂપિયા દાનપેટીમાં મૂકવામાં આવે છે.

- સંસ્થાના મૂળભુત ધ્યેય દરિદ્ર નારાયણની સેવાને કેન્દ્રમાં રાખીને આ સઘળી પ્રવૃતિઓ કરવાનો અમારો સૌનો સંનિષ્ઠ પ્રયત્ન રહયો છે. પણ જેમ જેમ કામનું વિસ્તૃતીકરણ કરતા જઈએ છે તેમ તેમ દરેક પ્રવૃતિઓમાં અમને અમારી મર્યાદાઓ – ક્ષતિઓ સમજાઈ રહી છે અને તેમાં વખતો વખત સુધારાને જે અવકાશ રહયો છે તે પૂર્ણ કરવામાં પણ અમે પ્રયત્નશીલ રહયા છે.

  આ માટે અમોએ **ઈન્ટરનલ ઓડિટ**ની વ્યવસ્થા ઉભી કરી છે. અરવિંદભાઈ / મયંકભાઈ ઈન્ટરનલ ઓડિટ ઉપરાંત વખતો વખત બહારની નિષ્ણાંત એજન્સીઓ દ્વારા પણ અમારી જુદી જુદી પ્રવૃતિઓનું મુલ્યાંકન / ઓડિટ કરાવતા આવ્યા છીએ. ખાસ કરીને હવે વિવિધ કાયદાકીય પૂર્તતા (લીગલ કોમ્પલાયન્સ)ની પણ એક મોટી જવાબદારી સંસ્થાને શીરે રહેલી છે.

### (ક) કાર્યકરોનો સ્વવિકાસ

- સેવા રૂરલની વિવિધ પરંપરાઓમાં શરૂઆતથી જ "કાર્યકરોનું ઘડતર" મુખ્ય રહેલા છે. પરિણામે કાર્યકરો પોતાની જવાબદારીઓ સારી રીતે નિભાવી રહયા છે. એટલું જ નહિ પરંતુ નવી નવી જવાબદારીઓ પણ લઈ રહયા છે. હાલમાં લગભગ ૨૭ જેટલા યુવાન કાર્યકર ભાઈઓ– બહેનોને સભાનતાપૂર્વક આ દિશામાં વિવિધ પ્રકારની તાલીમ આપીને તૈયાર કરાઈ રહયા છે જે **ભવિષ્યમાં સંસ્થાને આગળ લઈ જઈ શકે.**

## સેવા રૂરલના અભિગમ

### (અ) સામાજીક સેવા

- ૨૦૨૪–૨૫ માં કુલ ૨૪૫૪૪૪ લાભાર્થીઓ સુધી સેવાનો કે તાલીમનો લાભ આપી શકયા તેનો આનંદ છે. તેમાં ૬૦% થી વધારે લાભાર્થીઓ આદિવાસી છે. વિભાગ પ્રમાણે જોઈએ તો.




- હોસ્પિટલ દર્દીઓ (૭૨%)
- ફિલ્ડના લાભાર્થીઓ (૧૮%)
- તાલીમાર્થી (૯%)
- વિજીટીકે વિદ્યાર્થીઓ (૧%)

### (બ) આધ્યાત્મિક દ્રષ્ટિકોણ

- આ અંતર્ગત દર વર્ષે યોજાતી બે શિબિરો પૈકી તા.૨૦,૨૧,૨૨ સપ્ટે.૨૦૨૪માં આધ્યાત્મિક શિબિરનું આયોજન કરવામાં આવ્યું. જેમાં સ્વામી સુખાનંદજી મહારાજ, ભૂજ (રામકૃષ્ણ મિશન) અને સ્વામી મેધજાનંદજી મહારાજ, (રાજકોટ રામકૃષ્ણ મિશન) દ્વારા **'રામચરિત માનસ'** અને **ગીતા અધ્યાય–૧૨** (ભક્તિયોગ) વિષય પર ચિંતન કરાવ્યું. આ શિબિરમાં ૪૨ સભ્યો જોડાયા હતા.

- તા.૨૭ એપ્રિલ'૨૪ ના રોજ મહાવીર સ્વામી જન્મ જયંતિ ઉજવણી કરવામાં આવી. સર્વધર્મ સમભાવની ભાવના અને સેવા રૂરલ સંસ્થાની આગવી પ્રણાલી મુજબ દર વર્ષે અલગ અલગ ધર્મના તહેવારોની ઉજવણી કરવામાં આવે છે. ડો. ચંદ્રકાંતભાઈ વોરા દ્વારા કાર્યક્રમમાં સ્તવન, જૈન ધર્મના પાયાના સિધ્ધાંતો અને ભગવાન મહાવીર સ્વામીના પ્રેરણાદાયી જીવન પ્રસંગોની ઝીણવટભરી વાતો સમજાવી હતી.

### (ક) વૈજ્ઞાનિક અભિગમ

- **આંતરરાષ્ટ્રીય સંસ્થા "ગ્રેટ પ્લેસ ટુ વર્ક"** દ્વારા સેવા રૂરલના કાર્યકરોનો એક સર્વે તા.૨૦/૮/૨૦૨૪ના રોજ કરવામાં આવ્યો. જેમાં કુલ ૩૪૭ કાર્યકરોએ ભાગ લીધો. સેવા રૂરલને પાંચ વર્ષોથી ગ્રેટ પ્લેસ ટુ વર્કમાં



સ્વૈચ્છિક સંસ્થાઓની કેટેગરીમાં સમગ્ર ભારતમાં મધ્યમકદના કામ કરવાના શ્રેષ્ઠ ૫૦ સ્થળોની યાદીમાં સ્થાન મળ્યું છે.

- સેવા રૂરલમાં ૬૨% જેટલા મહિલા કાર્યકરો છે. ત્યારે બહેનોની સલામતી, સંસ્થા પ્રત્યે બહેનોનો વિશ્વાસ અને તેમનું સન્માન જાળવવા માટે હંમેશા સેવા રૂરલ તત્પર રહ્યું છે. ત્યારે **ગ્રેટ પ્લેસ ટુ વર્ક સંસ્થા** દ્વારા સેવા રૂરલને મધ્યમકદના કાર્ય સ્થળોમાં ભારતના **"બહેનો માટે કામ કરવાના શ્રેષ્ઠ ૫૦ કાર્ય સ્થળ"** ની યાદીમાં સ્થાન મળ્યું છે. જે આપણા સૌ માટે ગૌરવની વાત છે.




- **"ગ્રેટ પ્લેસ ટુ વર્ક" આંતરરાષ્ટ્રીય સંસ્થા દ્વારા સેવા રૂરલને ભારતની** ૬ સંસ્થાઓમાંની એક સંસ્થા છે જેને **"સોશ્યલ ઈમ્પેક્ટ આઈકન્સ" તરીકે પ્રમાણિત કરવામાં આવી છે.** સેવા રૂરલ છેલ્લા પાંચ વર્ષથી "ભારતના કામ કરવાના શ્રેષ્ઠ એનજીઓ" તરીકે પ્રમાણિત થાય છે. જે કાર્યસ્થળની સંસ્કૃતિ જાળવી રાખવા માટે બેન્ચમાર્ક પ્રસ્થાપિત કરે છે અને સતત હકારાત્મક અસર કરે છે. જે બદલ આ "સોશ્યલ ઈમ્પેક્ટ આઈકન્સ" તરીકે સેવા રૂરલને પ્રમાણિત કરવામાં આવ્યું છે.




- Credibility Alliance દ્વારા સેવા રૂરલને જવાબદેહિતા, પારદર્શિતા અને વિશ્વસનીયતાથી પાંચ વર્ષ માટેનું ફરી સર્ટિફિકેટ મળ્યું.

### કાર્યકરનો સ્વવિકાસ

- વર્ષ દરમ્યાન સંસ્થામાં કાર્યકરો માટે કુલ ૨૧૦ જેટલી વિવિધ તાલીમો આપવામાં આવી. જેમાં સેવા રૂરલના તમામ કાર્યકરોએ એકથી વધુ વાર ભાગ લીધો.
- સંસ્થા દ્વારા બહારની ૫૧ જેટલી તાલીમોમાં કુલ ૧૧૮ જેટલા કાર્યકરોએ ભાગ લીધો.

**હું પ્રત્યેક ક્ષણે અનુભવું છું કે, મૌન એ સર્વોત્તમ ભાષણ છે.**
**બોલવું પડે તો ઓછામાં ઓછું બોલો.**
**એક શબ્દથી ચાલે તો બે ન બોલો.**
**– મહાત્મા ગાંધીજી**

# કસ્તુરબા હોસ્પિટલ

**ધ્યેય અને હેતુ :**

૧. અતિ આધુનિક તબીબી સેવા અતિ ગરીબ માણસ માટે ઉપલબ્ધ કરવી.

૨. સનાતન મૂલ્યોની જાળવણી કરતા કામ કરવું.

૩. શિવભાવે છેવાડાના માનવીની જીવસેવા કરતા આંતરિક વિકાસની પરમ સીમાએ પહોંચવું.

**કાર્યકરોની ટીમ :**

- સેવા રૂરલની કસ્તુરબા હોસ્પિટલમાં પૂર્ણ સમય ફીજીશ્યન, બાળરોગ નિષ્ણાંત, આંખ સર્જન, બહેનોનાં રોગોનાં નિષ્ણાંત, પેથોલોજીસ્ટ, એનેસ્થેટીસ્ટ, મેડિકલ ઓફીસર જેવાં કુલ ૨૪ ડોકટરો અને ૧૫૦ જેટલા પેરામેડીકલ કાર્યકરો મળી કુલ ૨૫૮ કાર્યકરો કામ કરી રહયા છે.
- વીઝીટીંગ કન્સલટન્ટ તરીકે જનરલ સર્જન, માનસિક આરોગ્યના નિષ્ણાંત, આંખ માટે પડદા, ઝામર, પાંપણ, બાળકોના નિષ્ણાંત, ફીટલ મેડીસીનના નિષ્ણાંત, એનેસ્થેટીસ્ટ વિગેરે નિષ્ણાંતોની સેવાઓ નિયમિત રીતે મળતી રહી છે.

**વર્ષ દરમ્યાન અપાયેલ તબીબી સેવાઓની એક ઝલક :**

| અ.નં. | સેવાઓ | ૨૦૨૪–૨૫ | ૨૦૨૩–૨૪ | ૨૦૨૨–૨૩ |
|---|---|---|---|---|
| ૧ | કુલ ઓપીડી | ૧૬૨૫૯૫ (૫૮% સંપૂર્ણ માફી) | ૧૬૩૨૭૫ | ૧૫૨૪૩૨ |
| ૨ | કુલ નવા દાખલ દર્દી | ૨૦૨૧૯ (૭૦% સંપૂર્ણ માફી) | ૨૨૨૮૧ | ૨૧૧૬૯ |
| ૩ | કુલ ઓપરેશન | ૭૦૩૨ (૧૯% મેજર) | ૭૩૪૯ | ૭૦૯૦ |
| ૪ | કુલ ડીલીવરી | ૫૨૭૦ (૨૪% સીઝેરીયન) | ૬૦૮૫ | ૫૯૭૦ |
| ૫ | NICU માં દાખલ નવજાત શિશુ | ૧૪૮૨ (મૃત્યુદર ૦.૬૭%) | ૧૫૮૭ | ૧૭૮૨ |
| ૬ | કુલ લેબોરેટરી તપાસ | ૨૧૧૧૬૪ ટેસ્ટ | ૧૯૭૫૪૧ | ૨૮૧૫૨૮ |
| ૭ | વંધ્યત્વ સેવાઓ | ૧૪૮૧ દંપતિ (૨૮% સગર્ભા બની) | – | – |
| ૮ | આયુષ્યમાન PMJAY યોજનાનો લાભ | ૫૬૧૬ | ૬૫૭૫ | ૪૫૨૭ |
| ૯ | લોહી ચઢાવ્યું | ૧૪૬૫ બેગ | ૧૫૨૭ બેગ | ૧૧૯૯ બેગ |
| ૧૦ | સરેરાશ દૈનિક ભરાયેલ પથારી | ૨૩૩ | ૨૭૫ | ૨૫૮ |

## વિવિધ વિભાગો દ્વારા દર્દીઓને અપાયેલ સારવારની માહિતી

| અ.નં. | સેવાઓ | ઓપીડી | |
|---|---|---|---|
| ૧ | જનરલ ફીઝીશ્યન | ૧૬૭૭૮ | નવા એડમીશન – ૧૯૮૪ |
| ૨ | મેડીકલ ઓફિસર | ૨૬૫૩૦ | – |
| ૩ | સીકલસેલ | ૬૩૪૨ | ૨૮૩૦નું ઘનિષ્ઠ ફોલોઅપ |
| ૪ | બાળરોગ નિષ્ણાંત | ૧૧૬૬૭ | – |
| ૫ | આંખ રોગ નિષ્ણાંત | ૩૬૫૮૦ | હોસ્પિટલ અને ૫૧ આઈ કેમ્પ |
| ૬ | આંખના ઓપરેશન | ૩૫૬૧ | રેટીના ૨૬૮ |
| ૭ | ચશ્માનું વિતરણ | ૧૧૯૯૫ દર્દી | – |
| ૮ | સ્ત્રીરોગ નિષ્ણાંત | ૫૩૦૮૧ | નવા એડમીશન ૮૨૩૬ |
| ૯ | સેટેલાઈટ કલીનીક | ૧૪૬૦૪ | ૧૪૭૬ સીકલસેલ |
| ૧૦ | સુવાવડ | ૫૨૭૦ | ૬૧% જોખમી, ૨૪% સીઝેરીયન |
| ૧૧ | સ્ત્રીરોગ ઓપરેશન | ૨૭૦૮ | – |
| ૧૨ | સોનોગ્રાફી | ૧૯૨૭૫ | – |
| ૧૩ | જનરલ સર્જરી | ૩૦૭૪ | ૭૬૪ ઓપરેશન |
| ૧૪ | એનેસ્થેસીયા | ૧૮૧૮ | જનરલ અને સ્પાઈનલ |

### હોસ્પિટલ વિસ્તૃતિકરણ અને સેવાઓ :

- સંસ્થામાં વિવિધ જગ્યાનું બાંધકામનું કામ ચાલી રહયું છે. જેમાં નેત્રરક્ષા બિલ્ડીંગનું ગ્રાઉન્ડફલોરનું બાંધકામ પૂરુ થઈ ગયું છે. કોઈ મોટા સમારંભ કે કાર્યક્રમ કરીને ઉદ્‌ઘાટન કરવાને બદલે એક નવીન વિચાર અમલમાં મુકયો.

  અમને થયું કે આપણા હૃદયમાં જે આવનાર દર્દી માટે ભાવ અને માન છે તેને કંઈ રીતે પ્રગટરૂપ આપીએ ? આ માટે ઉદ્‌ઘાટનમાં શું કરીએ ? એ વિચાર આવ્યો કે ઠાકુર, મા અને સ્વામીજીના ફોટાની પૂજા કરી આવનાર દરેક દર્દી તથા સગાને ગુલાબનું એક ફુલ આપીએ અને સાથે સાથે રંગીન કાગળની મોટી ચિઠ્ઠીઓ બનાવી તેમાં સ્કેચપેનથી ડ્રોઈંગ કરી "આપનું શુભ થાઓ", "આપનું મંગલ થાઓ" એવું વાકય લખીએ અને બધાને આ ચિઠ્ઠી પણ આપીએ.

  આ ભાવ સાથે તા.૧૮/૫/૨૦૨૫ના રોજ સવારે ૮ વાગ્યાથી , મેનેજીંગ ટ્રસ્ટી, ટ્રસ્ટી, મેડિકલ ડાયરેકટર, એડમીનીસ્ટ્રેટર, સુપરવાઈઝર સ્ટાફ, નર્સીંગ સ્ટાફ બધાએ વારાફરતી આવતા દર્દી તથા સ્ટાફને ગુલાબનું ફૂલ હાથમાં આપી લખેલી ચિઠ્ઠી આપી અને અમારા આ નવા બાંધકામ કરેલ વિભાગમાં "આપને આવકારીએ છીએ," "આપનું શુભ થાયો," "આપનું મંગલ થાઓ" એવું કહેવાનું

શરૂ કર્યું. આખો દિવસ આ પ્રમાણે આવકાર કર્યો. દર્દીઓને આ રીતે આવકારતા હતા ત્યારે તેમનાં ચહેરા પર એક આનંદ અને અહીં આવ્યાનો સંતોષ દેખાઈ આવતો હતો. સાથે સાથે સ્ટાફને પણ આનંદની લાગણી થઈ.

- "હોસ્પિટલ વિસ્તૃતિકરણ પ્રોજેક્ટ" માટે અમેરિકામાંથી વિવિધ દાતાઓએ સમયાંતરે આપેલ રૂા. ૭,૫૦,૩૭,૬૨૧ જેટલી આર્થિક સહાયને છેલ્લા ચાર વર્ષ દરમ્યાન, સેવા રૂરલ સુધી પૂરેપૂરી, સમયસર અને નિયમો અનુસાર પહોંચતી કરવા માટે અમે લાઈફ ગ્લોબલ USA સંસ્થાના વિશેષ આભારી છીએ.
- હોસ્પિટલ વિસ્તૃતિકરણ પ્રોજેક્ટમાં અમે ૨૫૦ KLD નું સીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવેલ છે. જેમાં BEILના ભરતભાઈ ત્રિવેદી એ તેને ડીઝાઈન કરવામાં અને બનાવવામાં મદદ કરી હતી.
- ગ્રામ પંચાયત, ઝઘડિયા દ્વારા હોસ્પિટલમાં દર્દીઓની ઉત્તરોત્તર વધી રહેલી સંખ્યાને ધ્યાનમાં રાખીને વધારાના પાણીના કનેકશન આપવામાં આવ્યા છે. આ માટે ઝઘડિયા GIDC એસોસિએશન અને નોટિફાઈડ એરિયા ઓથોરિટીની પરવાનગી પણ પ્રાપ્ત થઈ છે અને આમ પાણીનો પ્રશ્ન થોડો હળવો થયો છે.
- સેવા રૂરલ સંચાલિત કસ્તુરબા હોસ્પિટલના દર્દીઓ, સગાં વ્હાલા અને મહેમાનો માટે કાર્યરત એવા કીચનમાં કામ કરતા સ્ટાફની તાલીમ અને સાથે સાથે આ કીચન સાથે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે જોડાયેલા અંદાજે ૪૦ જેટલા કાર્યકરોની તાલીમ તા.૧૪/૭/૨૦૨૪ ના રોજ ફૂડ ટેકનોલોજીસ્ટ નિશાબેન કમલ દ્વારા આપવામાં આવી.
- સેવા રૂરલ સંચાલિત કસ્તુરબા હોસ્પિટલને ફાયર NOC પ્રાપ્ત થયેલી જ છે અને હવે “Occupational Health & Safety Management System” માટે ISO45001:2018 નું પ્રમાણપત્ર પ્રાપ્ત થયું છે.

## ડેડીયાપાડા સેટેલાઈટ સેન્ટર:

- ડેડીયાપાડા સેટેલાઈટ સેન્ટરની શરૂઆત થયે ચાર વર્ષ થઈ ગયેલ છે. ડેડીયાપાડા (નર્મદા જિલ્લો) એસ્પીરેશનલ ડીસ્ટ્રીક્ટ સ્થિત ભારત સેવાશ્રમ સંઘ ખાતે અંતરિયાળ વિસ્તારનાં ગરીબ અને જરૂરિયાતમંદ દર્દીઓને આરોગ્યની સેવાઓ આપી શકાય, તે હેતુથી છેલ્લા પાંચેક વર્ષોથી સેટેલાઈટ સેન્ટર શરૂ કરવામાં આવ્યું છે. જેમાં સર્ગભા બહેનો, સ્ત્રી રોગ, સિકલસેલ વાળા દર્દીઓને ટોકન ફીમાં ડોકટરી તપાસ, લેબોરેટરી ટેસ્ટ, સોનોગ્રાફી મેડીસીન વિગેરેનો સમાવેશ થાય છે.

| | |
|---|---|
| કુલ ઓ.પી.ડી | ૧૪,૬૦૪ |
| ગાયનેક તથા સગર્ભા તપાસ | ૧૩,૦૯૬ |
| સીકલસેલ દર્દી | ૧,૪૭૬ |
| બહેનોની સોનોગ્રાફી | ૫,૯૭૬ |
| લેબોરેટરી તપાસ | ૨૬,૯૭૧ |
| રીફર (%) | ૪૨૧ (૨.૯%) |



સુવાવડ થયેલ બહેનોના પતિ સાથે સંપરામર્શ

## હોસ્પિટલમાં અપાતી તાલીમ:

- ઝઘડીયા તથા તેની આસપાસનાં વિસ્તારની જરૂરિયાતમંદ હોય તેવી અત્યાર સુધીમાં કુલ ૧૮૪ બહેનોને દોઢ વર્ષની જનરલ નર્સિંગ આસીસ્ટન્ટની તાલીમ અપાઈ છે. આ વર્ષે ૧૫મી બેચની ૧૨ બહેનોએ આ તાલીમ પૂર્ણ કરી.
- આ ઉપરાંત જે બહેનોએ GNM, ANM, B.Sc. (Nursing) પૂરુ કરેલ છે, તેમને માટે એડવાન્સ પ્રેક્ટીકલ તાલીમ ફોર નર્સિંગ (APT-N) ચાલુ કરેલ છે. જે ત્રણ માસની હોય છે. ૧૧૦ જેટલા તાલીમાર્થી બહેનોને અત્યાર સુધીમાં તાલીમ અપાઈ છે. તાલીમ બાદ ૧૯ બહેનો હાલ સેવા રૂરલમાં જોડાયેલ છે. આ વર્ષે ત્રણ તાલીમ થઈ જેમાં ૧૧ બહેનોએ લાભ લીધો.
- આંખ વિભાગ માટે ઓપ્થલમિક આસીસટન્ટની તાલીમ આજ વર્ષથી શરૂ કરેલ છે. કુલ ત્રણ તાલીમાર્થીઓ એક વર્ષની તાલીમ લેશે.
- Comprehensive Ophthalmic Fellow : બે આંખના ડોકટરને વધુ સઘન તાલીમ આપવાનાં હેતુથી આ ફેલોશીપ ચાલુ કરી છે.
- CPS, DGO – Training પ્રથમ વર્ષે એક સ્ટુડન્ટ, બીજા વર્ષના બે સ્ટુડન્ટ. MBBS બાદ બે વર્ષનો Diploma in OBGYN ના અભ્યાસ માટેની મંજુરી મળી છે. સ્ટુડન્ટ બે વર્ષ સેવા રૂરલમાં રહીને પૂર્ણ રૂપની ગાયનેકની તાલીમ લઈ રહ્યા છે.
- DRP હેઠળ રેસીડન્ટનું પોસ્ટીગ : ત્રણ રેસીડન્ટ નું ત્રણ મહીનાનું પોસ્ટીગ થયુ છે.

## ગુણવત્તા સભર સારવાર :

(૧) લેબરરૂમ અને જનરલ ઓપરેશન થિયેટર માટે રાષ્ટ્રીય કક્ષાનું પ્રમાણપત્ર "લક્ષ્ય" NABL/EQAS પ્રમાણિત છે.

(૨) છેલ્લા વર્ષમાં હોસ્પિટલમાં દાખલ દર્દીઓ નું મૃત્યુનું પ્રમાણ ૦.૪% જ રહ્યું છે. તેમજ બહારની મોટી હોસ્પિટલમાં રીફર કરવાનું પ્રમાણ ૧.૫% રહ્યું છે.આ માટે વિશેષ ફોલોઅપની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

(૩) દાખલ દર્દીઓ પાસેથી લેવાયેલા ફીડબેક ગુણવત્તા માપદંડ ને દર્દીઓને સારી સારવાર માટે પાંચમાંથી ૪.૨ ગુણ આપેલ છે. સરેરાશ ૯૪.૫ ટકા દર્દીઓ સંતોષ થઈને ઘરે જાય છે.

(૪) રેફરલ સેન્ટર હોવા છતાં છેલ્લા વર્ષનું NICU (ઘનિષ્ઠ નવજાત શિશુ સારવાર કેન્દ્ર) માં મૃત્યુનું પ્રમાણ ૦.૬૭% ની આસપાસ રહ્યું છે.

(૫) જોખમી સુવાવડનું પ્રમાણ ૬૧% થયું તેની સાથે સીઝેરીયન સેકશનનું પ્રમાણ ૨૪% રહ્યું છે.

(૬) કુલ સર્જીકલ સાઇટ ઇન્ફેકશન રેટ (SSI) સર્જરીની જગ્યાએ ચેપનું પ્રમાણ લગભગ ૨.૩૬% જેટલું જ છે જે {વિશ્વના પ્રવર્તમાન દર (૩–૫%) જેટલું જ છે.}

(૭) આંખના ઓપરેશન થયા પછી કોમ્પ્લિકેશનનું પ્રમાણ ૧.૧૪% છે. જે વિશ્વમાં માન્ય કોમ્પ્લિકેશન રેટ (૫% કરતા ઓછુ) કરતા ઘણું ઓછું છે.

(૮) વર્ષ દરમિયાન જે દર્દીને બહારનાં ટેસ્ટ (CT Scan, MRI, સોનોગ્રાફી, લેબ) વિગેરે કરાવવાની જરૂર હોય અને દર્દી જરૂરિયાતમંદ કે ગરીબ હોય તેના માટે કુલ ૬.૯૮ લાખ ના ફંડનો ઉપયોગ કરેલ છે. કુલ દર્દીની સંખ્યા ૭૦૪.

## નવું શું થયું?

૧. તા. ૧૩/૦૭/૨૪ના રોજ આંખ ઓપીડી અને અનોખુ સેવા રૂરલ ફાઉન્ડેશનનાં નેજા હેઠળ ચશ્મા દુકાનનું ઉદ્દ્ઘાટન કર્યું.

૨. તા.૧૮/૧૧/૨૪ના રોજ અનોખુ સેવા રૂરલ ફાઉન્ડેશનના નેજા હેઠળ દવાની દુકાનનું ઉદઘાટન કર્યું.

૩. સ્પેશિયલ રૂમનું રીનોવેશન કરી એ.સી. મુકયા.

૪. ઓપીડી એરિયામાં મેડિકલ ઓપીડી, બાળકોની ઓપીડી, સીકલસેલ ઓપીડી રીનોવેશન કરી.

૫. તા.૨૫/૦૫/૨૫ના રોજ નવી એમ્બ્યુલન્સ નું ઉદઘાટન કર્યું.

૬. તા.૧૮/૦૨/૨૫ના રોજ એ વિંગની બિલ્ડીંગનું ઉદ્દ્ઘાટન કર્યું. જેમાં આંખની ઓ.પી.ડી., સી.એસ.એસ.ડી. યુનિટ (સેન્ટ્રલ સ્ટરીલાઈઝેશન સપ્લાય ડીપાર્ટમેન્ટ), ફીઝીયોથેરાપી સેન્ટર, મોડયુલર ઓપરેશન થીયેટર વિગેરેનો સમાવેશ થાય છે.

૭. બ્લડ ડોનેશન કેમ્પ કુલ પાંચ કર્યા તેમાં કુલ ૨૦૯ બોટલ રકત એકત્રિત કર્યું.

૮. હોસ્પિટલ દ્વારા અપાતી વિવિધ સેવાઓનું ડીજીટલાઈઝેશન કરવામાં આવ્યું. જેમાં ડિસ્ચાર્જ મોડયુલ, નર્સ, ડોકટર, ફીજીશ્યન, એમ.ઓ. મોડયુલ શરૂ કર્યા. (ઓવર, રજીસ્ટર)

૯. પેશન્ટ એકસપીરીયન્સ કો. ઓર્ડીનેટરની કામગીરી થઈ રહી છે.

જેમાં,(૧) આંખ વિભાગમાં

(૨) NICU માં દાખલ બાળકના માતા સાથે

(૩) સર્ગભા માતાઓનાં પતિ સાથે

જેનાં માટે રસપ્રદ મોડયુલ બનાવેલ છે. અઠવાડિયામાં ત્રણ–ચાર દિવસ સેશન લેવામાં આવે છે.

૧૦. લેબોરેટરી માટે નવા સાધનો લાવ્યા.

(૧) ઈમ્યુનોસેસીસ (મુખ્યત્વે હોર્મોન્સ માટે) VIDAS KUBE મશીન. થાઈરોઈડ, Vitamin B12, વિગેરે ટેસ્ટ માટે.

(૨) બાયોકેમેસ્ટ્રી માટે (ડેડીયાપાડા સેટેલાઈટ સેન્ટર) RESPONSE910DIASYS - લીવર, કીડની, સુગર વિગેરેની તપાસ માટે.

◉ નવા ટેસ્ટની શરૂઆત કરી.

(૧) Vitamin B12

(૨) PCT (Procalcitonin) ઈન્ફેકશન માટે – શરીરમાં ઈન્ફેકશન છે કે નહી તે જાણવા માટેનું અત્યાધુનિક ટેસ્ટ

(૩) TPHA Test Syphilis ઈન્ફેકશન માટે

(૪) PSA પ્રોસ્ટેટનાં કેન્સર માટે

૧૧. હોસ્પિટલમાં દર્દી સાથે આવતા સગાવહાલાનું પ્રિવેન્ટીવ ચેકઅપ પ્રોગ્રામ હેઠળ કેસ કઢાવ્યા વગર બ્લડ પ્રેસર, બ્લડ સુગર તેમજ હિમોગ્લોબીનની તપાસ વિના મૂલ્યે કરી આપવામાં આવે છે. જેમાં વર્ષ દરમિયાન ૪૯૮૫ જેટલા વ્યકિતઓની તપાસ કરવામાં આવેલ છે.

## હોસ્પિટલમાં માનદ્‌સેવા આપનાર ફુલટાઈમ સેવાભાવી ડૉક્ટર મિત્રો

૧. ડૉ. ચંદ્રકાંતભાઈ વોરા (ફીજીશ્યન)
૨. ડૉ.અજયભાઈ શાહ (ઓબ્સ્ટ્રેટીક એનેસ્થેટીસ્ટ)
૩. ડૉ. જયશ્રીબેન શાહ (નર્સીંગ ટ્રેનિંગ ઈન્ચાર્જ)
૪. સરલાબેન વોરા (કાઉન્સેલર)

## હોસ્પિટલમાં વિઝીટીંગ કન્સલ્ટન્ટ ડૉક્ટર મિત્રો.

૧. ડૉ. નિરવભાઈ પટેલ (બાળરોગ નિષ્ણાંત)
૨. ડૉ. કલ્પેશભાઈ શાહ (જનરલ સર્જન)
૩. ડૉ. અપેક્ષાબેન શાહ (એનેસ્થેસ્ટીસ્ટ)
૪. કોકીલાબેન પંડયા (પેશન્ટ એક્સપીરીઅન્સ કો.ઓર્ડીનેટર)
૫. ઝંખનાબેન શેઠ (પેશન્ટ એક્સપીરીઅન્સ કો.ઓર્ડીનેટર)
૬. બિમલભાઈ શેઠ (રેફરલ લીંકેજ કો.ઓર્ડીનેટર)

**સેવાની શ્રેષ્ઠ રીત એ છે કે સમાજના સૌથી નબળા માણસ સુધી પહોંચવું**

**– મહાત્મા ગાંધીજી**

## હોસ્પિટલમાં વિઝીટીંગ કન્સલ્ટન્ટ અન્ય ડૉક્ટર મિત્રો

૧. ડૉ. કલ્પનાબેન શાહ – એનેસ્થેટીક
૨. ડૉ. અમીબેન યાજ્ઞિક – જનરલ સર્જન
૩. ડૉ. રાજેશભાઈ પટેલ – આંખ સર્જન
૪. ડૉ. અશોકભાઈ ભડીયાદરા – ગાયનેકોલોજીસ્ટ
૫. ડો. નંદિતાબેન મૈગા – ગાયનેકોલોજીસ્ટ
૬. ડૉ.શાલીનભાઈ શાહ – રેટીના સર્જન
૭. ડૉ. ખૂશ્બુબેન શાહ – ઝામર સર્જન
૮. ડૉ. ધ્વનીતભાઈ ખેતવાની – ઓક્યુલો પ્લાસ્ટીક સર્જન
૯. ડૉ. વેણુબેન મુરલીધર–ત્રાંસી આંખના સર્જન
૧૦. ડૉ. નિશીતાબેન શાહ – વંધત્વયના નિષ્ણાંત
૧૧. ડૉ. ફોરમબેન શેઠ – ગાયનેકોલોજીસ્ટ
૧૨. ડૉ. રવિભાઈ શાહ–માનસિક રોગ નિષ્ણાંત
૧૩. ડૉ. દિપ્તીબેન વસાવા – ફિટલ મેડીસીન
૧૪. ડૉ. ખ્યાતિબેન મેવાડા – માનસિક રોગ નિષ્ણાંત
૧૫. ડૉ. નિરવભાઈ રાઉલજી – બાળરોગ નિષ્ણાંત
૧૬. ડૉ. મનિષભાઈ ગૌર – એનેસ્થેટીસ્ટ
૧૭. ડૉ. મિતભાઈ કાછીયા – એનેસ્થેટીસ્ટ

# કોમ્યુનીટી હેલ્થ પ્રોજેક્ટ

**ધ્યેય અને હેતુ:**

- અતિવંચિત ગ્રામ્ય જનતાને સમુદાય કક્ષાએ ગુણવત્તાપૂર્વકની સીધી આરોગ્ય સેવાઓ પહોંચાડવી અને પ્રયોગો કરવા.
- સફળ પ્રયોગોનું અન્ય વિસ્તારોમાં અસરકારક અમલ થાય તે માટે સરકાર અને અન્ય સંસ્થાઓને મદદરૂપ થવું.
- અતિવંચિત વિસ્તારોમાં કામ કરતી સ્વૈચ્છિક સંસ્થાઓને ટેકનીકલ સપોર્ટ પૂરો પાડવો.

## ૧. ટેકો+ અને ઈ–કવચ પ્રોજેક્ટ

**ઉદ્દેશ:**

ટેકનોલોજી દ્વારા આરોગ્ય કાર્યકરોનું કામ સરળ અને પારદર્શક બનાવવાનો છે.

**વિસ્તાર:**

સમગ્ર ગુજરાત અને ઉત્તરપ્રદેશ રાજ્ય (વસ્તી ૩૨ કરોડ)

**વિગત:**

બંને રાજ્યોમાં આરોગ્યના કામના મોનીટરીંગ માટે સેવા રૂરલે સંશોધન કરેલ સોફ્ટવેરનો ઉપયોગ થઈ રહયો છે. જે માટે ૧૮૬૩૭ જેટલા વિવિધ સ્તરના આરોગ્ય કાર્યકરોને તાલીમ આપવામાં સેવા રૂરલે મહત્વનું યોગદાન આપ્યું છે. સરકારી માળખામાં આ કાર્યક્રમ ૨૦૧૮ વર્ષથી શરૂ થયેલ છે.

## ૨. જન્મ સમયે નવજાત શિશુ સંભાળ કેન્દ્રમાં દાખલ થયેલ નવજાત શિશુના ફોલોઅપનો કાર્યક્રમ (SNCU ફોલોઅપ પ્રોજેક્ટ)

**ઉદ્દેશ:**

SNCUમાં દાખલ કરેલ બાળકો હોસ્પિટલમાંથી રજા લઈ ઘરે જાય પછી પાંચ વર્ષ સુધી તેમાં મૃત્યુનું પ્રમાણ તથા કુપોષણનો દર ઘટાડવો.

**વિસ્તાર:**

નર્મદા અને ભરૂચ જિલ્લાના ઝઘડિયા, વાલીયા, નેત્રંગ અને ડેડીયાપાડા તાલુકો

**વિગત:**

- આ વર્ષના ૭૩૩ નવા બાળકો સાથે કુલ ૪૪૮૨ બાળકોનું (૦ થી ૫ વર્ષ) ફોલોઅપ થાય છે.
- આ વર્ષે કુપોષણ ઉપરાંત જે બાળકોનો માનસિક વિકાસ ઉંમર પ્રમાણે થયો નથી તેવા બાળકોનું ઘનિષ્ઠ ફોલોઅપ કરવાનું ચાલુ કર્યું.

**અસરકારકતા:**

- ગંભીર કુપોષણ (SAM)માં ૮૫% અને મધ્યમ કુપોષણ (MAM)માં ૬૮% નો ઘટાડો કરી શકયા.
- બાળકોના મૃત્યુદરમાં લગભગ ૯૪%નો ઘટાડો કરી શકયા.
- જોખમી બાળકો અને અતિશય કુપોષિત બાળકોની નકકી કરેલ મુલાકાત પ્રમાણે ૯૬% મુલાકાત સમયસર કરી શકયા.

## ૩. સિકલસેલનાં દર્દીઓ માટે સર્વાંગી સંભાળ કાર્યક્રમ

**શા માટે:**

- સિકલસેલ દર્દીઓને ગુણવત્તા સભર સારવાર મળે જેથી લાંબુ આયુષ્ય મળે.

**વિસ્તારઃ**

- ભરૂચ, નર્મદા તથા સુરત જીલ્લાના ગામો

**કાર્ય પધ્ધતિઃ**

- આ કાર્યક્રમ ૨૦૧૫ થી ચાલુ કરેલ છે. સિકલસેલ રોગની તપાસ, આધુનિક પ્રમાણભુત ગુણવત્તાસભર સારવાર અને વૈજ્ઞાનિક ઢબે રેકોર્ડ તૈયાર કરીએ છે.

**અસરકારકતાઃ**

- નવજાત શિશુઓમાં સિકલસેલ સ્ક્રીનીંગ અને ફોલોઅપ પ્રોગ્રામના ભાગરૂપે છેલ્લા ૧૧ વર્ષમાં ૧૫૦૦૦ થી વધારે નવજાત શિશુઓની સિકલસેલ માટે તપાસ કરીને ૨૫૦ સિકલસેલથી પીડાતા બાળકોને ઓળખીને તેમાંથી ૯૮% બાળકોનું નિયમિત ફોલોઅપ અને સારવાર કરી શકયા.
- સરકાર સાથે રહી સફળતાપૂર્વક મમતા દિવસમાં સિકલસેલ માટે નાના શિશુઓનું સ્ક્રીનીગ કરવાને પાયલોટ અભ્યાસ કર્યો. જેમાં ૩૩૬ બાળકોનું નર્સ બહેનો દ્વારા હિમોટાઈપ એસસી (Hemotype SC)દ્વારા સ્ક્રીનીંગ કર્યુ.
- છેલ્લાં ૧૦ વર્ષમાં ફિલ્ડ ફોલોઅપ દ્વારા ૨૮૩૦ સીકલસેલના દર્દીઓની માહિતી પધ્ધતિસર સંગ્રહિત કરીને તેનો ઉપયોગ ઉત્કૃષ્ટ સારવાર અને સંશોધનો માટે કર્યો છે.

## ૪. સર્વાંગી પ્રાથમિક આરોગ્ય સંભાળ કાર્યક્રમ (I M Techo 2.0)

**શા માટે :**

- સમુદાય આધારિત સર્વિસ ડિલીવરી મોડલ દ્વારા વસ્તી આધારિત પરિવારનું સ્વાસ્થ્ય સર્વેક્ષણ, બિનચેપી રોગો માટે સ્ક્રીનીગ, ગ્રામ કક્ષાએ સારવાર અને આધુનિક મોબાઈલ તથા વેબ એપ્લિકેશનની મદદથી સારા ડેટાનો સંગ્રહ, આરોગ્ય પ્રદાન કરનાર કાર્યકર અને દર્દી સાથે સારી વાતચીત થાય તે માટે દર્દી અને પરિવાર કેન્દ્રિત સેવાઓ ડિજિટલ હેલ્પમાં ટેલી કન્સીલ્ટેશન અને રિમોટ મોનીટરીંગ દ્વારા આરોગ્ય સંભાળ થકી સમુદાયને નજીક લાવવાનો ઉદ્દેશ છે.

**વિસ્તારઃ**

- ઝઘડિયા તાલુકાના રતનપોર સબ સેન્ટરના સાત ગામો તથા ડેડીયાપાડા તાલુકા (નર્મદા જીલ્લો) ના ૩૫ ગામો (૬૫,૦૦૦ વસ્તીમાં)
- કાર્યક્રમની શરૂઆત ૨૦૨૩ વર્ષથી કરવામાં આવી છે.



સરકારશ્રીના આરોગ્ય કાર્યકરોની સીકલસેલની તાલીમ



ગ્રામ્ય સ્તરે, ગામડાના લોકો દ્વારા બોલાવવામાં આવેલ ગ્રામસભા (આરોગ્ય)

**કાર્ય પધ્ધતિ અને અસરકારકતા :**

- માતૃબાળ સ્વાસ્થ્ય સંદર્ભે આરોગ્ય કાર્યકરોની તાલીમ થઈ.
- ૪૦ વર્ષથી વધુ ઉંમરવાળા બધા જ વ્યકિતઓના બ્લડપ્રેશર (બી.પી) અને ડાયાબિટીસ (સુગર)ની તપાસ મફત કરી આપવામાં આવી.
- બ્લડપ્રેશરના ૧૯૬૬ દર્દીઓમાંથી ૬૮% દર્દીઓ તથા ડાયાબિટીસના ૪૪૮ દર્દીઓમાંથી ૭૨% દર્દીઓ નિયમિત સારવાર લે છે.
- આ વર્ષે ગંભીર માનસિક આરોગ્ય અને પેલિએટીવ કેર (ઉપશામક સંભાળ) નું નવું કામ ફિલ્ડ લેવલે ચાલુ કરવામાં આવ્યું. જેમાં તમામ દર્દીઓને ઘરે બેઠા સારવાર આપવામાં આવી.
- ૩૪ ગામોમાં બિનચેપી રોગોની કલીનીક ચાલુ કરવામાં આવી. આ વર્ષે ૧૬૨૦ દર્દીઓએ તેનો લાભ લીધો.
- પ્રોજેકટ વિસ્તારમાં થયેલ મૃત્યુનું કારણ શોધવા માટે ફોર્મ ભરવામાં આવ્યા. જેમાં લગભગ ૬૮% લોકોના મૃત્યુનું કારણ બિનચેપી રોગોનું છે.



ગામોમાં ચાલતી બિનચેપી રોગોની કલીનીક

## ૫. Convertech પ્રોજેકટ

**શા માટેઃ**

- ભારત સરકાર દ્વારા ચાલુ કરાયેલ આયુષ્યમાન આરોગ્ય મંદિર (AAM)ની સેવાઓ કેવી રીતે સુદ્દઢ કરી શકાય તે સુનિશ્ચિત કરવા માટે.

**વિસ્તારઃ**

- સંઘ પ્રદેશ દીવ, દમણ અને દાદરા – નગર હવેલીનો બધો જ વિસ્તાર (વસ્તી ૧૪,૫૦,૦૦૦)
- કાર્યક્રમની શરૂઆત ૨૦૨૪ વર્ષથી કરવામાં આવી છે.

**કાર્ય પધ્ધતિઃ**

- આ પ્રોજેકટમાં આયુષ્યમાન આરોગ્ય મંદિર (AAM) દ્વારા અપાતી ૧૨ સામુહિક આરોગ્ય સેવાઓનો લાભ વધુ લોકોને મળે તે કરવાનો છે.
- આ માટે PHMP (પબ્લિક હેલ્થ મેનેજમેન્ટ પ્લેટફોર્મ) એપ્લિકેશનનો ઉપયોગ કરીને ડેટા ટ્રેનિંગ અને મોનીટરીંગની સુસંગત પધ્ધતિ અપનાવવામાં આવી છે.
- સરકારશ્રીના આરોગ્ય કાર્યકરોની ૧૮થી વધારે જેટલી તાલીમ કરવામાં આવી.

**અસરકારકતાઃ**

- ગતવર્ષે કરેલા સર્વેના આધારે સામુદાયિક સેવાનો વ્યાપ વધ્યો છે.
- બિનચેપી રોગોનું સ્ક્રીનીગ ૨૦% થી વધીને ૯૦% સુધી વહેચાયું છે.

**નવા વર્ષનું આયોજન**

- AAM સ્ટાફ દ્વારા ટેક્નોલોજી અને PHMP સોફટવેરના દર્દીના લાભાર્થી ઉપયોગ કરાવવો.

* સરકારી માળખામાં ગુણવત્તાયુક્ત સેવાઓના ભાવ વધારવા.



**આશા તાલીમ**

### ૬. વાત્સલ્યધામ પ્રોજેક્ટ

**શા માટે :**

* અનાથ, ગરીબ બાળકોને શિક્ષણ મળે અને ભણીને પોતાના પગભર થઈને જીવનમાં આગળ વધે તેમાં જરૂરી ટેકો પુરો પાડવો.

**વિસ્તાર:**

* નર્મદા અને ભરૂચ જિલ્લાના બાળકો
* કાર્યક્રમની શરૂઆત ૨૦૧૪ વર્ષથી કરવામાં આવી છે.

**કાર્યપધ્ધતિ:**

* સુરતની વાત્સલ્યધામ સંસ્થા સાથે સતત સંપર્કમાં રહેવું. અનાથ બાળકોને લેવા મુકવા જવુ. બીમાર હોય ત્યારે જરૂરી મદદ કરવી. વાલીને મળી જરૂરી માહિતી આપીને જાગૃત કરવા. વાત્સલ્યધામમાં પ્રવેશ માટે ટેકો પુરો પાડવો.

**અસરકારતા :**

* અત્યાર સુધી કુલ ૩૯૫ જેટલા બાળકોને વાત્સલ્યધામમાં એડમીશન મળેલ છે. કુલ ૧૩૮ બાળકોનો અભ્યાસ હાલમાં ચાલુ છે.

### ૭.જશોદા નરોત્તમ પબ્લિક ચેરીટી ટ્રસ્ટ (JNPCT) સંસ્થાને કોમ્યુનીટી હેલ્થ પ્રોજેક્ટમાં ટેકનીકલ મદદ આપવાનો પ્રોજેક્ટ

**ઉદ્દેશ :**

૧. JNPCT સંસ્થાનો સેવા રૂરલ સાથે દાયકાઓથી ગાઢ સંપર્ક અને સંબંધ રહયા છે.

૨. ધરમપુરનો વિસ્તાર આદિવાસી, ગરીબ અને અંતરિયાળ છે.

૩. સેવા રૂરલે મેળવેલ અનુભવનો સીધો લાભ JNPCT સંસ્થાને પહોંચાડવો.

**કાર્ય વિસ્તાર :**

ધરમપુર, કપરાડા, પિંડવળ તાલુકાના ૧૦૭ ગામોની ૧૦૦૦૦૦ વસ્તી.

**કાર્ય પધ્ધતિ :**

૧. છેલ્લા ૨૦ વર્ષોથી JNPCT ના વિવિધ કોમ્યુનીટી હેલ્થ પ્રોજેક્ટમાં સેવા રૂરલ જરૂરી ટેકનીકલ ફિલ્ડ સહાય પૂરી પાડે છે.

૨. સંસ્થાના ૧૦૭ જેટલા કાર્યકરોને તાલીમ આપી છે.

૩. દર મહિને સેવા રૂરલના નિષ્ણાંત ડોકટરની પ્રત્યક્ષ વિઝિટ દ્વારા નીચે જણાવેલ વિવિધ કાર્યક્રમોનું સતત મોનીટરીંગ, રીવ્યુ તેમજ જરૂરી માર્ગદર્શન પૂરુ પાડે છે.

**(A) કુપોષણ નિવારણ પ્રોજેક્ટ**

* એપ્રિલ ૨૦૧૮ થી ૬૨ આદિવાસી ગામોમાં પ્રોજેક્ટ ચાલે છે.
* કુલ ૧૦૬૮૯ બાળકોની નોંધણી કરવામાં આવી.

- ગંભીર કુપોષણના દરમાં ૯૮% અને મધ્યમ કુપોષણના દરમાં ૯૬%નો ઘટાડો નોંધાયો છે.
- નવજાતશિશુ મૃત્યુનું પ્રમાણ (NMR) ૯ અને બાળમૃત્યુનું પ્રમાણ (IMR) ૧૫ જેટલું કરી શકયા.

**(B) કિશોર – કિશોરી પ્રોજેકટ**

- કુલ ૮૩૯૭ કિશોર કિશોરીઓની નોંધણી થઈ.
- તેમાંથી ૩૬% કુપોષિત શ્રેણીમાં આવે છે. ગતવર્ષ કરતા ૪૪% કુપોષિત ઓછું કરી શકાય.
- ૩૧% કિશોર કિશોરીઓમાં એનીમિયા છે. (ગતવર્ષ કરતા ૨૧% એનીમિયા ઘટાડી શકાય)
- માસિક આવે છે ત્યારે કિશોરીઓમાં સ્વચ્છ કાપડ (ફલાનીન) અને સેનેટરી પેડનો ઉપયોગ ૧૦૦% થયો છે.

**(C) NCD પ્રોજેકટ**

- ૩૦ વર્ષની ઉપરના ૩૩૭૪૬માંથી ૮૪% (૨૮૩૨૧) વ્યકિતઓનું બ્લડપ્રેશર અને ડાયાબિટીસ માટે સ્ક્રીનીગ થઈ ગયું.
- તેમાંથી ૪૭૦૯ (૧૬%) વ્યકિતઓને બ્લડપ્રેશર અને ૪૧૧ (૧૫%) વ્યકિતઓને ડાયાબિટીસ નોંધાયો છે.
- લગભગ ૬૫% દર્દીઓની દવા ચાલુ કરી દેવામાં આવી છે.

## કેસસ્ટડી

**નામ : અનંત દિનેશ વસાવા (નામ બદલ્યું છે)**

**ગામ : ઝઘડિયા તાલુકાનું એક ગામ**

- બહેનની પહેલી સુવાવડ.
- અધુરા મહિને દુઃખાવો.
- બાળકનું જન્મ સમયનું વજન ૭૨૬ ગ્રામ.
- ૧૪૧ દિવસ હોસ્પિટલમાં દાખલ [ઘનિષ્ઠ નવજાત શિશુ કેન્દ્ર (NICU)]
- ૧૫૦૦ ગ્રામ વજન થતા ડોકટરની રજા વિરૂધ્ધ ઘરે ગયા.
- બાળકનું વજન ઘરે જઈ ૨ દિવસમાં ૨૦૦ ગ્રામ ઘટીને ૧૩૦૦ ગ્રામ થઈ ગયું.
- ફિલ્ડ સુપરવાઈઝર દ્વારા નકકી કરેલ માર્ગદર્શિકા પ્રમાણે ઘરે સતત ફોલોઅપ.
- માતા તથા ઘરના સભ્યોને બાળકની કાળજી લેવા માટે વિશેષ સુચના આપવામાં આવી. જેવી કે કાંગારૂ મધર કેર, નવડાવવું નહી, સ્વચ્છતા, બાળકને હુંફાળુ રાખવું, ચેપ ના લાગે તે માટેનું ધ્યાન કેવી રીતે રાખવું, ધાવણ લેતા બાળક થાકી જાય તો વાડકી ચમચીથી ધાવણ આપ્યું વિગેરે.
- ઘરના બધા સભ્યોએ કીધું તે પ્રમાણે ધ્યાન રાખવું, કાંગારૂ મધર કેર કરી.
- બાળક છ મહિનાનું થયું ત્યારે બેસી શકયું ન હતું તેના માટે સ્પેશ્યલ ખુરશી આપવામાં આવી.
- બાળક ૬ મહિને વજન ૫.૫૦૦ ગ્રામનું છે. તંદુરસ્ત છે.

# કિશોર–કિશોરી જાગૃતિ કાર્યક્રમ

**ધ્યેય અને હેતુ:**

૧૦થી ૧૯ વર્ષના કિશોર કિશોરીઓમાં એનીમીયાનું પ્રમાણ ઘટાડવું, પ્રજનન આરોગ્ય અંગે જાગૃતિ વધારવી, આરોગ્યમાં જોખમી કિશોર કિશોરીઓને શોધીને તેમાંથી તેમને બહાર લાવવાં. વ્યવસાયિક કુશળતા (Vocational skill) અંગે કિશોરોને માહિતિ પુરી પાડવી. પીયર એજયુકેટરોને સક્ષમ કરવા,માસિક સ્વચ્છતા વ્યવસ્થાપનના અનુભવોનું સરકારના માળખામાં પ્રદાન કરવુ.

## કાર્ય વિસ્તાર અને લાભાર્થીઓ :

- આ કાર્યક્રમ છેલ્લા ૨૦૧૨ વર્ષથી ચાલી રહયો છે.
- આ વર્ષ દરમ્યાન ઝઘડિયા તાલુકાની ૫૦ જેટલી શાળા, બોર્ડીંગ સ્કુલ અને શાળાએ ન જતા ૭૪૯૧ કિશોર કિશોરીઓ તેમજ ગ્રામ્ય કક્ષાએ અન્ય ૧૭૮૯ લાભાર્થી મળી કુલ ૮૨૮૦ લાભાર્થીઓએ.

## કાર્ય પધ્ધતિ :

### ૧. શાળાકીય સેશન

- નકકી કરેલ દરેક શાળાઓમાં વર્ષ દરમ્યાન ચાર જેટલા સેશન લેવામાં આવ્યા.
- ૨૩૯ જેટલા પીયર એજયુકેટરને સક્ષમ કર્યા.

### ૨. માસિક સ્વચ્છતા કોર્નર :

સરકારમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પર ૭૯, કમ્યુનીટી હેલ્થ સેન્ટર પર ૧૧, મેડીકલ કોલેજ હોસ્ટિલ પર ૧૨, અર્બન હેલ્થ સેન્ટર પર ૧૭, સબસેન્ટર પર સાત અને સ્વૈચ્છીક સંસ્થામાં ૧૨ મેન્સ્ટ્રુઅલ હાઈજીન કોર્નર આપવામાં આવ્યા.

### ૩. શિક્ષક તાલીમ :

ભરૂચ જીલ્લાના શાળાઓના ૫૦૦ શિક્ષકોને સમગ્ર શિક્ષા અંતર્ગત માસિક દરમ્યાનના વ્યવસ્થાપન અને કોર્નરની ઉપયોગીતા વિશે તાલીમ આપવામાં આવી.

### ૪. કાર્યકર તાલીમ :

૧૩૭ આશાકાર્યકરો અને ૧૮૬ આંગણવાડી કાર્યકરોને એક દિવસીય તાલીમ કરવામાં આવી. જેમાં કિશોરાવસ્થાના પ્રશ્નો વિશે તેમના જ દ્વારા રોલપ્લે કરી સમજ આપવામાં આવી. એનીમીયા, સીકલસેલ, નાની ઉમરે લગ્ન, હાઈરીસ્ક બિહેવીયર, જાતિય રોગો પર વિશેષ જાણકારી આપવામાં આવી.

### ૫. રાત્રિ ગ્રામ શિબિર :

ગામમા લોકો રાત્રે જ મળે માટે સાત અંતરીયાળ ગામોમાં રાત્રે જાતિય સતામણી, હાઈરીસ્ક બિહેવીયર પર નાટકો, રેલી, આરોગ્ય પ્રદર્શન દ્વારા કમ્યુનીટીને જાગૃત કરવામાં આવ્યા. જેમાં ૯૭૨ લોકો સહભાગી થયા.

### ૬. એડોલેસન્ટ હેલ્થ ડે ઉજવણી :

આઠ ગામોમાં વ્યસન, કુપોષણ અને પોષક આહાર વિષય લઈ આશાકાર્યકર, આંગણવાડી કાર્યકરને સાથે લઈ કિશોર કિશોરીઓ અને કમ્યુનીટી સાથે વાર્તાલાપ કર્યો.

### ૭. એનીમીયા અને સીકલસેલ કેમ્પ:

૪૫ જેટલા એડોલેસન્ટ આ કેમ્પમાં સેવા રૂરલમાં વધુ ઘનિષ્ટ તપાસ અને સારવાર માટે આવી ગયા.

### ૮. આરોગ્ય પોસ્ટર ડીસપ્લે :

ઝઘડીયા તાલુકાની ૧૭ પ્રાથમિક શાળાઓ,૧૩

માધ્યમિક શાળાઓ અને ૧૦ આશ્રમમાં કિશોરાવસ્થાનું આરોગ્ય શિક્ષણ આપી શકાય તેવા પોસ્ટર લગાવ્યા.

### ૯. VGTK ના યુવાનો સાથે :

૨૦૦ યુવાનો ગુમાનદેવમાં ITI કરે છે. તેમને આરોગ્યના વિષયો વિશે એનીમીયા, સીકલસેલ, તેમજ હાઈરીસ્ક બિહેવીયરમાં અસુરક્ષિત જાતિય સંબંધો, વ્યસન વિગેરે માહિતિ આપી. પ્રીટેસ્ટ અને પોસ્ટટેસ્ટ, ક્વીઝ કરી, વ્યસન કરતા કેટલાક વિદ્યાર્થીઓ માટે સાયકિયાટ્રીસ્ટ સાથે રહી વ્યસનમુક્તિ માટે ઘનિષ્ટ પ્રયત્ન કર્યા.

### ૧૦. વોકેસ્નલ સ્કીલ અને કેરીયર કાઉન્સેલીંગ :

ઝઘડીયા અને નાંદોદ તાલુકાની ૧૩ માધ્યમિક શાળાઓમાં ૯ થી ૧૨ ધોરણના વિદ્યાર્થીઓમાં કેરીયર કાઉન્સેલીંગ કરવામાં આવ્યું. જેનો ૨૬૦૦ થી વધુ વિદ્યાર્થીઓ સહભાગી થયા.

### ૧૧. સ્વરક્ષણ તાલીમ :

જાતિય સતામણી અટકાવવાના હેતુથી સંસ્થામાં ચાલતા સિવણ, બ્યુટીપાર્લર વર્ગો, નર્સીંગ આસીસ્ટન્ટ સ્ટુડન્ટ વગેરે ૩૨૦ બહેનોને સ્વરક્ષણ તાલીમ કરવામાં આવી. તેમજ રામકૃષ્ણ વિવેકાનંદ સેવા કેન્દ્ર – કીમ ની ૩૪ કિશોરીઓને પણ સ્વરક્ષણ તાલીમ આપવામાં આવી.

**અસરકારકતા :**

- સિવીયર એનીમીયા ૮૨ % જેટલો ઘટાડો કરી શક્યા.
- ૭૩ જેટલા સીલકસેલ ડીસીઝમાં બાળકોનું ફોલોઅપ કરી તેઓ નિયમિત દવા લે તેવું કર્યું.
- કુલ ૧૭૪ જેટલા કિશોર કિશોરીઓને હોસ્પિટલમાં રીફર કર્યા.
- બધી જ કિશોરી સુરક્ષિત શોષક પધ્ધતિ જેમાં ૭૨ % સેનેટરી પેડ અને ૨૬% ફલાલીન કપડું વાપરે છે.
- માસિક દરમ્યાન તકલીક થવી તેવી ૨૮ કિશોરીઓને સેવા રૂરલ રીફર કરી.

**પડકારોઃ**

૧. શાળાએ ન જતા કિશોર કિશોરીઓ દિવસે ગામમાં મળતા નથી.
૨. શાળાએ ન જતા કિશોર કિશોરીઓનું ભાગીને નાની ઉંમરે લગ્ન કરવું તે સામાજિક પ્રશ્ન છે. રોકવું મુશ્કેલ લાગે.
૩. શાળાઓમાં ૧૦,૧૨ ધોરણના એડોલેસન્ટના માટે સમય મર્યાદા નડે છે.
૪. અમુક શાળાઓમાં શિક્ષકોનો સહકાર ઓછો, બાળકોમાં ગેરહાજરીનું પ્રમાણ વધુ હોય છે.
૫. એનીમીયા, કુપોષણનું પ્રમાણ જોઈએ તેટલું ઓછું થતું નથી.

**ભવિષ્યનું આયોજન :**

૧. ડીજીટલ કામ થોડું ઓછું કરી "સંસ્કાર સિંચન" કામમાં વધુ સમય આપવું છે.
૨. એડોલેસન્ટને ૧૦, ૧૨ ધોરણ પછી આગળ અભ્યાસ માટે મદદરૂપ થવું (સીલેકટેડ શાળાઓમાં, પીયર એજ્યુકેટરને)
૩. વોકેશનલ સ્કીલ માટે કાઉન્સેલીંગ અને મદદરૂપ થવું.
૪. શારદા મહિલા વિકાસ સોસાયટી અને સેવા રૂરલ સ્ટાફના એડોલેસન્ટ બાળકો સાથે પ્રવૃત્તિ કરવી.
૫. AFHS (એડોલેસન્ટ ફ્રેન્ડલી હેલ્થ સેન્ટર) ને વધુ સુદ્રઢ કરવું.
૬. એડોલેસન્ટ ડીસએનીમેશન (કિશોર–કિશોરી જાગૃતિ કાર્યક્રમ માટે પ્રસારણ) વર્કશોપ/મેળો કરવો.
૭. શિક્ષકો સાથે વધુ સંપર્ક રાખવા. ટ્રેનીંગ રાખવી.
૮. વાલી સંપર્ક વધારવા.

# વિવેકાનંદ ગ્રામીણ ટેકનિકી કેન્દ્ર

**ધ્યેય અને હેતુ:**

- છેવાડાના ગરીબ કુટુંબોના યુવકો તથા યુવતીઓને ટેકનીકલ તાલીમ દ્વારા રોજગાર અને સ્વરોજગારની તકો પુરી પાડવી.
- જીવન અને ચારિત્ર્ય ઘડતર દ્વારા "જવાબદાર નાગરિક" બનાવવાનો પ્રયત્ન કરવો.
- સમુચીત ટેકનોલોજી અને સ્વરોજગાર એકમો દ્વારા સ્વરોજગારની તકો ઊભી કરવી.

## મુખ્ય પ્રવૃત્તિઓની ઝલક :

- આ કેન્દ્ર દ્વારા (૧૯૮૭) થી અત્યાર સુધીમાં લગભગ ૪૪૫૩ જેટલા તાલીમાર્થીઓને તાલીમ આપવામાં આવી.
- વર્ષ ૨૦૨૩-૨૪માં ૩૯ બેચના ૩૬૧ તાલીમાર્થીઓએ તાલીમ પૂર્ણ કરી અને તેમને ઈન્ડસ્ટ્રીઝમાં કામ આપવામાં મદદરૂપ થયા અને તેમને ત્યાં જરૂરી મદદ કરવામાં આવી જેથી તેઓ ટકી રહે અને પોતાનું કાર્ય સારી રીતે કરી શકે.
- સપ્ટેમ્બર'૨૦૨૪માં બેચ નં. ૪૦માં ૪૮૧ તાલીમાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો.
- વર્ષ દરમ્યાન ચાર વિદ્યાર્થીઓને સ્વરોજગાર શરૂ કરાવવામાં મદદરૂપ થયા. અત્યાર સુધીમાં ૧૨૬ વિદ્યાર્થીઓએ પોતાના સ્વરોજગાર શરૂ કર્યા છે.
- TDD - DSAG (GOG) દ્વારા વનબંધુ કલ્યાણ સહાય યોજના હેઠળ હવે પછીના ૫ વર્ષ માટે એટલે કે એપ્રિલ'૨૦૨૮ સુધી આદિવાસી તાલીમાર્થીઓ માટે આર્થિક સહાયની મંજુરી મળી અને MOU કરવામાં આવ્યો.

### ૧. ટેકનીકલ તાલીમની પ્રવૃતિઓ

- CNC ઓપરેટરનો કોર્ષ ચાલુ કરવામાં આવ્યો અને સાથે CNCની લેબોરેટરી કાર્યરત કરવામાં આવી.



CNC મશીન ઉદ્‌ઘાટન

- સ્વરોજગાર શિબિર – મયંકભાઈ મહેતા અને ડો.નિરાલીબેન દ્વારા વિજીટીકેના તાલીમાર્થીઓને સ્વરોજગાર વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું. જેમાં સ્વરોજગાર કઈ રીતે કરવો, તેની જરૂરીયાત, માર્કેટમાં વેચાણ કેવી રીતે કરવું, સ્વરોજગારના લાંબા ગાળાના ફાયદા, પોતાનો સ્વરોજગાર હોય તો તે વખતે વાણી વર્તન કેવો રાખવો વગેરે વિશે વિસ્તારપૂર્વક તાલીમાર્થીઓને માર્ગદર્શન આપ્યું.
- દરેક ટ્રેડના તાલીમાર્થીઓને અમદાવાદમાં ઈસરો અને સાયન્સ સીટી અને ધરમપુરમાં જીલ્લા વિજ્ઞાન કેન્દ્ર ખાતે ટેકનીકલ શિક્ષણ માટે લઈ જવામાં આવ્યા હતા.

- વિજ્ઞાન ગુર્જરી દ્વારા આયોજીત પ્રોજેકટથી પ્રોડકટ આધારિત વિજ્ઞાન મેળાનું આયોજન મહારાજા સયાજીરાવ ગાયકવાડ યુનિવર્સિટીના (MSU) ટેકનોલોજી અને એન્જીનિયરીંગ વિભાગમાં રાખવામાં આવેલો. જેમાં વિજીટીકેના ૯ તાલીમાર્થીઓની સાથે સ્ટાફ જોડાયો હતો. જેમાં વિવિધ પ્રકારની સોલાર આધારિત ટ્રાફિકને નિયમન સિસ્ટમ, ઈલેકટ્રીક વ્હીકલ (EV) અને તેના વિવિધ ભાગો અને તેની ઉપયોગીતા, ડ્રોન સિસ્ટમની ખેતીમાં ઉપયોગીતા અને તેનો કેવી રીતે ઉપયોગ કરી શકાય. આ ઉપરાંત વરસાદના પાણીને જળસંચય કરવા માટે વિવિધ પધ્ધતિઓના મોડલ અને વિડિયો બતાવવામાં આવ્યા.

## ૨. જીવન ઘડતરના મુદ્દાઓ

- તાલીમાર્થીઓને રામકૃષ્ણ મિશનના સંતો પ.પૂ સ્વામી શુધ્ધિદાનંદજી અને પ.પૂ. સ્વામી સુનિલ મહારાજ સાથે વાર્તાલાપ ગોઠવવામાં આવ્યો. આ ચર્ચામાં મનની શાંતિ, જીવનમાં સફળતા માટેના રહસ્યો, ગાયત્રી મંત્રની ઉપાસના અને સમજ, સ્વામી વિવેકાનંદનું જીવન ચરિત્ર્ય અને સાહિત્ય, જીવનમાં એકાગ્રતાનું મહત્વ જેવા વિષયો પર વાત કરવામાં આવી.
- આ વર્ષે તાલીમાર્થીઓના સ્વવિકાસના કાર્યમાં શ્રી કર્નલ જોષી (વડોદરા – રિટાર્યડ આર્મી), શ્રી દિનેશભાઈ સેવક (મોટીવેશનલ વકતા અને સામાજીક કાર્યકર), શ્રીમતિ કોકિલાબેન પંડયા (સામાજીક કાર્યકર), ઈન્તેખાબ અનસારી (આચાર્ય, કોલેજ ઓફ એજયુકેશન, ખરોડ) મદદરૂપ થયા હતા અને તે સૌએ જીવનનું ધ્યેય, ધ્યેયની પૂર્ણતા, જીવનમાં શું કરવું અને શું ન કરવું, ટેકનીકલ તાલીમની વ્યવસાયમાં જરૂરીયાત, પરીક્ષા એક ઉત્સવ, સોશ્યલ મિડિયાનો યોગ્ય અને સમજપૂર્વકનો ઉપયોગ, વ્યસન મુકિત, પ્રાર્થનાનું મહત્વ જેવા વિષયોમાં ગ્રુપ ચર્ચા અને સામુહિક પ્રયોગો દ્વારા સમજ આપી.
- રાષ્ટ્રીય યુવા દિવસ (૧૨ જાન્યુ.'૨૦૨૫) ની ઉજવણી ભૂતપુર્વ તાલીમાર્થીઓની સાથે કરવામાં આવી. પોતાના જીવનમાં સેવા રૂરલની તાલીમ અને સંસ્કારો લઈ સફળ થયેલા ૨૦ જેટલા ભૂતપુર્વ તાલીમાર્થીઓને મુખ્ય મહેમાન તરીકે નવાજવામાં આવ્યા. તેમને કરેલી વાતો અને તેમના જીવનમાં પરિવર્તનોની ઝલક સાંભળી સૌ ખૂબ જ આનંદિત થયા હતા. આ પ્રસંગ એક અનોખો અને પ્રેરણાદાયી હતો. આ ગૌરવગાથા સાંભળતા સૌ શિક્ષકોના દિલ ગદગદીત થઈ ગયા હતા.




ભૂતપુર્વ વિદ્યાર્થી સ્નેહમિલન

- વિજીટીકે બેચ નં.૧૦ ના ભૂતપુર્વ તાલીમાર્થીઓ સંસ્થાની મુલાકાતે આવ્યા. જેમાં ભૂતપુર્વ સ્ટાફ મિત્રો અને ૪૦ જેટલા ભૂતપુર્વ તાલીમાર્થીઓ પોતાના પરિવાર સાથે આવ્યા હતા. જેમાં ભૂતપુર્વ તાલીમાર્થીઓએ તેમના ભૂતકાળના વિજીટીકેના રોમાંચક પ્રસંગોને બધાની સાથે વાતો કરી યાદોને તાજી કરવામાં આવી હતી.

* વિજીટીકે બેચ નં.૩૯ના ભૂતપુર્વ તાલીમાર્થીઓ, બ્યુટીપાર્લર અને સિવણના તાલીમાર્થીઓનો પદવીદાન સમારંભ ગુજરાત કેમિકલ પોર્ટ લિમીટેડ (GCPL)ના સહયોગથી કરવામાં આવ્યો. જેમાં શ્રી રાજકુમાર બેનીવાલ (IAS), શ્રી હરિભાઈ પટેલ (Retired IAS), શ્રી હેમંતભાઈ (ડાયરેકટર), શ્રી શૈલેષભાઈ નીગમ (MD), સમીરભાઈ રાવલ (ચેરમેન), કપીલભાઈ અને CSR Team પણ આ કાર્યક્રમમાં સહભાગી થયા હતા. આ ઉપરાંત સેવા રૂરલ અને વિજીટીકેનો સ્ટાફ જોડાયો હતો.
* વિજીટીકેના તાલીમાર્થીઓને અંકલેશ્વરમાં આવેલ જે.એન.પીટીટ લાયબ્રેરીની મુલાકાત લેવામાં આવી. જેમાં શ્રી ભદ્રેશભાઈ પટેલ દ્વારા લાયબ્રેરીની સ્થાપના, વિવિધ હેતુઓ અને લાયબ્રેરીમાં થતી વિવિધ પ્રવૃતિઓ વિશે તાલીમાર્થીઓને માહિતી આપવામાં આવી. આ ઉપરાંત વાંચનનું જીવનમાં મહત્વ, વાંચનથી આપણા મન પર પડતી હકારાત્મક અસરો અને આપણા જીવનમાં વાંચનથી થતા લાંબાગાળા ના ફેરફારો વિશે માહિતી આપવામાં આવી.
* સ્વવિકાસ શિબિર – વિજીટીકેના સ્ટાફ દ્વારા ચાલુ બેચના તાલીમાર્થીઓ સાથે ટીમવર્ક, કોમ્યનિકેશન અને સાહસિકતા વગેરે વિષયો પર શિબિર લેવામાં આવી. જેમાં ટીમવર્કમાં કામ કરવાથી લાંબાગાળાના ફાયદા, કોઈ વાતને શાંતિથી સાંભળ્યા પછી જ બીજા લોકોને વાત કરવી. આ ઉપરાંત સાહસિકતા એટલે કે અલગ અલગ પ્રકારના સ્વરોજગાર વિશે માર્ગદર્શન વિવિધ પ્રવૃતિઓ દ્વારા કરવામાં આવ્યું.
* વિશ્વ પુસ્તક દિવસ – વિશ્વ પુસ્તક દિવસ નિમિત્તે વિજીટીકે વિદ્યાર્થી લાયબ્રેરીમાં પુસ્તક પ્રદર્શન કરવામાં આવ્યું. જેનો મુખ્ય હેતુ તાલીમાર્થીઓનો વાંચન પ્રત્યે રસરૂચી વધે અને વાંચન પ્રત્યે રસ કેળવે. જેમાં વિજીટીકેના તાલીમાર્થીઓ અને સ્ટાફમિત્રો જોડાયા.

**વિજીટીકેમાં માનદ સેવા આપનાર સેવાભાવી ટેકનીકલ મિત્રો**

૧. રાજેન્દ્રભાઈ નાયક (M Tech, IIT)
૨. પ્રોમદભાઈ નાગરાજ (M Tech, IIT)
૩. પ્રદિપ શાહ (કેમીકલ એન્જીનિયર)
૪. મનોજ પંડયા (ઈલેકટ્રીકલ એન્જીનિયર)
૫. ગીરીશ બ્રહ્મક્ષત્રીય(મિકેનીકલ એન્જીનિયર)
૬. પ્રદિપ પટેલ (કેમીકલ એન્જીનિયર)

**વિજીટીકેમાં આવતા કન્સલ્ટન્ટ ટેકનીકલ મિત્રો**

૧. એમ.આર.હવાલદાર(કેમીકલ એન્જીનિયર)
૨. નિમેશભાઈ પરમાર (NSDC કન્સલ્ટન્ટ)
૩. મયંક મહેતા (CED એકસપર્ટ)
૪. શુભાંગભાઈ પંડયા (સ્ટેટીશ્યન એનાલીસીસ એકસપર્ટ)
૫. અનુરાગ શર્મા (મેકનિકલ એન્જીનિયર)
૬. રમેશભાઈ મિસ્ત્રી (ITI ટર્નર)
૭. સ્વપનિલ પટેલ (ઈલેકટ્રીકલ એન્જીનિયર)

**કૌશલ્યયુકત યુવાનો જ રાષ્ટ્રની સાચી શકિત છે.**
**– ડો. એ.પી.જે. અબ્દુલ કલામ**

## વિજીટીકેમાં અભ્યાસ સાથે તાલીમ પૂર્ણ કરેલ બે મિત્રોની સોનેરી સ્વપ્નની શરૂઆત

હું રવિન્દ્ર નાઈક અને મારો મિત્ર નરેન્દ્ર વસાવા વિજીટીકેમાં અનુક્રમે બેચ નંબર–૨૦ અને ૨૪ના વિદ્યાર્થીઓ છીએ. અમારા બંનેની આર્થિક પરિસ્થિતિ નબળી. હું સાગબારા તાલુકાનું કહાલપુર ગામમાં ગરીબ કુટુંબમાં ઉછરેલ અને ૧૨ ધોરણ સુધી અભ્યાસ કરેલ. ત્યારબાદ હું નાની મોટી મજૂરી કરી કુટુંબમાં મદદરૂપ થતો. મારા સંબંધીનો ભાઈ જે વિજીટીકેમાં તાલીમ લઈ નોકરીએ લાગેલ તેના માર્ગદર્શનથી મે પણ વિજીટીકેમાં ટર્નર ટ્રેડમાં એડમીશન લઈ અભ્યાસ સાથે એક વર્ષની તાલીમ પૂર્ણ કરી અને સંસ્થાએ અંકલેશ્વરની કંપનીમાં નોકરીએ લગાડયા. સંસ્થાને તાલીમ વર્ષ દરમ્યાન અમોને અભ્યાસ – તાલીમ સાથે જીવન જીવવાના પાઠો શીખવાડયા. ઘરમાં નાની મોટી મદદ કરતો થયો અને મારા નાના ભાઈ, બહેન અને પિતાજીના સ્વપ્ન સાકાર કરવા લાગ્યો. હું જે કંપનીમાં નોકરી કરતો હતો ત્યાં મને વિજીટીકેમાં અભ્યાસ સાથે તાલીમ પૂર્ણ કરેલ ૨૪મી બેચનો વિદ્યાર્થી વસાવા નરેન્દ્રભાઈ દેવજીભાઈ ને સંસ્થાએ નોકરીએ લગાડયો, જેનું વતન વણખૂંટા, તા. નેત્રંગ છે. અમો બંને ૧૫ વર્ષ સુધી એક જ કંપનીમાં નોકરી કરી. એક વખત અમો બંને દિવાળીની રજાઓમાં ઘરે ગયા પછી અમે કંપનીમાં સમયસર હાજર ના થઈ શકયા જેથી કંપનીના નિયમ અનુસાર અમારે કંપનીમાંથી છૂટા થવું પડયું, ત્યારબાદ અમે બંનેએ ઘણી જગ્યાએ નોકરી માટે પ્રયત્નો કર્યા. પરંતુ કોઈ જગ્યાએ ગોઠવાયું નહીં. આ સમયગાળા દરમ્યાન સેવા રૂરલ સાથે સંકળાયેલ બ્યુટેક ટેકનોલોજી સાથે સંકળાયેલ બાબુભાઈ અમને મળયા. તેઓએ અમને નાનો ધંધો કરવા એક નાની જગ્યા અને વેલ્ડીગ મશીન આપ્યા. આજે આ વાતને ચાર વર્ષ વીતી ગયા. અત્યારે અમારી પાસે અમારું "નીલકંઠ એન્જીનિયરીગ વર્કશોપ" અંકલેશ્વરમાં કાર્યરત છે. આમ વિજીટીકેમાં તાલીમ દરમ્યાન શીખવેલ ટેકનીકલ તાલીમ અને જીવન ઘડતરનું ભાથું અમને જીવનમાં ઉપયોગી થયું. અમે સેવા રૂરલ – વિજીટીકેના ખૂબ જ ઋણી છીએ.

**શિક્ષણ એ રોજગાર માટે નહીં, પરંતુ સ્વાવલંબન માટે હોવું જોઈએ.**

**– મહાત્મા ગાંધીજી**

**કામ શીખવવું એ સહાય નહીં, પણ સશકિતકરણ છે.**

**– પંડિપ દિનદયાળ ઉપાધ્યાય**

# શારદા મહિલા વિકાસ સોસાયટી*

**ધ્યેય અને હેતુ :** મહિલાઓની વિશિષ્ટ શકિતઓને કાર્યરત કરીને સ્વસ્થ કૌટુંબિક અને સામાજીક જીવન રચનામાં પ્રયત્ન. આર્થિક – સામાજિક રીતે વિકાસમાં પાછળ રહી ગયેલા કુટુંબની બહેનોને પગભર કરવા તેમજ કોઈપણ જાતના નાતજાત, ધર્મ કે સંપ્રદાયના ભેદભાવ વગર શૈક્ષણિક અને જાગૃતિ કાર્યક્રમોમાં બહેનોને સંમલિત કરવા.

## આર્થિક પ્રવૃતિ

વર્ષ ૨૦૨૪ – ૨૫ દરમ્યાન આર્થિક પ્રવૃતિમાં (ગારમેન્ટ, નાસ્તા) ૫૭ બહેનોએ ૧૩૯ લાખ રૂપિયાની કામગીરી કરી ૩૮ લાખ રૂપિયાની રોજી મેળવેલ છે.

- ગારમેન્ટ વિભાગમાં વિવિધ પ્રકારના હોસ્પિટલ સ્ટાફના એપ્રન, શાળાઓના યુનિફોર્મ, ઈન્ડસ્ટ્રીઝના કાર્યકરોના યુનિફોર્મ, બોઈલરસૂટ, બેબીકીટ જેવી વિવિધ પ્રકારના સિલાઈ કામ કરી રહયા છે.
- નાસ્તા વિભાગમાં કસ્તુરબા હોસ્પિટલમાં મુખવાસ, દર્દીઓને નાસ્તો તેમજ મસાલાપુરી, સેવ, ચકરી, થાપડા જેવા સુકા નાસ્તા બનાવવામાં આવે છે.

## વોકેશનલ સ્કીલ

બહેનો વિવિધ કૌશલ્ય મેળવી આર્થિક રીતે પગભર થાય તે માટે સ્થાનિક તેમજ ગ્રામ્ય સ્તરે ૧૦ ગામોમાં સિવણ તેમજ બ્યુટીપાર્લરના તાલીમ વર્ગો ચલાવવામાં આવ્યા. વર્ષ દરમ્યાન સિવણમાં ૨૪૦ અને બ્યુટીપાર્લરમાં ૨૩૧ બહેનોએ તાલીમ લીધી.

- સ્થાનિક તાલીમ કેન્દ્રમાં તૈયાર થયેલ બહેનો જ ગ્રામ્ય કક્ષાએ ટ્રેનર તરીકે કામ કરી રહી છે.

## ઉદ્યોગ સાહસિકતા

અત્યાર સુધી બ્યુટીપાર્લરની પાંચ અને સિવણની બે બહેનો સ્વરોજગાર ચાલુ કરી પગભર થઈ છે. બાકી બહેનો ઘરે નાનુ મોટુ કામ કરે છે.

## શૈક્ષણિક પ્રવૃતિ

ટયુટોરિયલ વર્ગમાં ઝઘડિયા તેમજ આસપાસની ૧૦ શાળાઓના ૧૦૯૭ બાળકો સાથે કામ કર્યુ.

- ગ્રામ્યસ્તરે બે વર્ગ શરૂ કર્યા.
- ધો.૧૦માં ગણિત–વિજ્ઞાન જેવા વિષયોમાં નાપાસ વિદ્યાર્થીઓને માટે સ્પે.વર્ગ શરૂ કર્યા, જેમાં ઝંખનાબેન શેઠની સારી મદદ મળી રહી.

## બહેનો માટે અવેરનેસ

બહેનો માટે આર્થિક વિકાસની સાથે સાથે તેઓ એમનામાં રહેલ વિશિષ્ટ શકિતઓનો સમાજમાં પ્રદાન આપતી થાય, નિર્ણયોમાં ભાગીદાર બને અને પડકારો સામે ઉભી રહે તે માટે જે તે વિષયોના અનુભવી તજજ્ઞોને બોલાવી દર મહિને જાગૃતિ શિબિરોનું પણ આયોજન કરવામાં આવ્યું.

**આપણે જે નથી જાણતા,**
**તે આપણે નથી જાણતા.**
**એટલે કબુલ કરીએ,**
**એનું નામ જ્ઞાન**

*મહિલા વિકાસ અને સશકિતકરણ તથા બાળકોના પૂરક શિક્ષણ અને વિકાસના કામો સેવા રૂરલ હેઠળ થતા હતા જે હવે કેમ્પસમાં આવેલી સ્વતંત્ર સંસ્થા શારદા મહિલા વિકાસ સોસાયટી હેઠળ જુલાઈ ૨૦૦૨થી થઈ રહ્યા છે.

# સલામતી, સ્વાસ્થ્ય અને પર્યાવરણ નીતિ

સેવા રૂરલ દ્રઢપણે માને છે કે ગરીબો કેન્દ્રિત, મુલ્યો આધારિત કાર્ય પધ્ધતિ અને કાર્યકરોનો વિકાસ કાર્યકરોની સલામતી, સ્વાસ્થ્ય અને પર્યાવરણની જાળવણી પર પણ રહેલો છે.

ઉપર દર્શાવેલ ધ્યેયને પ્રાપ્ત કરવા અમોએ સલામતી, સ્વાસ્થ્ય અને પર્યાવરણ નીતિ ઘડેલ છે.

(૧) ગરીબો કેન્દ્રિત, મુલ્યો આધારિત સેવાનાં લક્ષ્યાંકને ધ્યાનમાં રાખતી વખતે સલામતી, સ્વાસ્થ્ય અને પર્યાવરણ સાથે સમાધાન કરીશું નહી.

(૨) લાગુ પડતી કાયદાકીય જોગવાઈઓનું યોગ્યપણે પાલન કરીશું.

(૩) સ્વાસ્થ્ય અને સલામતીની જવાબદારી સ્ટીયરીંગ કમીટીની રહેશે જેમને એડમીનીસ્ટ્રેટીવ એન્ડ પર્સનલ તેમજ /સેફટી ઓફિસર /સેફટી સુપરવાઈઝર્સ મદદરૂપ થશે.

(૪) દરેક સ્તરનાં કર્મચારીઓને સલામત કાર્યપ્રણાલી અને રીતભાતની તાલીમ આપવા માટે તાલીમ કાર્યક્રમ તૈયાર કરવા અને તાલીમ આપવા માટે સંસ્થા પ્રયત્નશીલ રહેશે. બધા કાર્યકરોનું સ્વાસ્થ્ય જળવાઈ રહે તે માટે નિયમિત આરોગ્ય તપાસ અને તેમને તેમના કામ પ્રમાણે જરૂરી વ્યવસ્થા અને જરૂરી આરોગ્ય શિક્ષણ અને માર્ગદર્શન પણ આપવામાં આવશે.

(૫) નિષ્ણાત દ્વારા સેફટી ઓડિટ (સલામતીનું અન્વેષણ) અને રિસ્ક એસસમેન્ટ (જોખમનું મુલ્યાંકન) કરવામાં આવશે અને તેમની ભલામણોની પૂર્તતા કરવામાં આવશે.

(૬) સંસ્થાએ નકકી કરેલ સલામતીની કાર્યપધ્ધતિ પ્રમાણે જ સંસ્થામાં કામ કરતા કોન્ટ્રાકટર તેમજ બીજી વિવિધ એજન્સીઓ કાર્ય કરશે. અને એ જોવાની તેમની ફરજ રહેશે કે તેમના માણસોને સલામતીના નિયમો / કાર્યપ્રણાલિથી માહિતગાર કરે અને તેનું તેમના દ્વારા આપવામાં આવતા સલામતીનાં સાધનો સહિત પાલન કરે તેવો આગ્રહ રાખશે.

(૭) વિવિધ વિભાગના કાર્યકરોના સભ્યોની બનેલી સલામતી સમિતિની બેઠક નિયમિત મળશે અને તેની ભલામણો ધ્યાનમાં લેવામાં આવશે.

(૮) અમો નિરીક્ષણ, ઓપરેશન અને ઈમરજન્સી રીસ્પોન્સ માટેની સ્પષ્ટ કાર્યપ્રણાલી ઘડીશું.

(૯) અમો સંસ્થામાં પર્યાવરણને સ્વચ્છ અને સલામત રાખવા બનતા બધા જ પ્રયત્ન કરીશું. પ્લાસ્ટીકના ઉપયોગને શકય એટલો અટકાવીશું.

(૧૦) સંસ્થાના વાર્ષિક અહેવાલમાં સંસ્થા સલામતી, સ્વાસ્થ્ય અને પર્યાવરણનાં દેખાવનો નિષ્કર્ષ સામેલ કરીશું.

(૧૧) પૂર્વગ્રહ રાખ્યા વગર સંસ્થાની સલામતી, સ્વાસ્થ્ય અને પર્યાવરણ નીતિ, કોઈપણ કાયદાકીય જોગવાઈ સાથે અનુસરીશું.

(૧૨) સંસ્થામાં થતાં અકસ્માતની તરત જ જાણ કરવામાં આવશે અને રજીસ્ટરમાં નોધ કરાશે.

સેવા રૂરલના તમામ કાર્યકરો અને વ્યવસ્થાપકો સાથે મળીને કાર્ય કરીશું કે જેથી સંસ્થાના સહુ કાર્યકરોની સલામતી જળવાય, સ્વાસ્થ્ય જળવાઈ રહે અને પર્યાવરણના મિત્ર (ઈકો–ફ્રેન્ડલી) તરીકે કામગીરી કરી શકીએ. આ નીતિ અમારા દરેક કાર્યકરોને આપીશું તેમજ રસ ધરાવનાર પ્રત્યેક વ્યકિતને પણ આ નીતિ પ્રાપ્ય રહેશે.

# સેવા રૂરલમાં  થયેલા સંશોધન કાર્યો અને બૃહદ નીતિગત યોગદાન

સેવા રૂરલમાં સ્થાનિક ગરીબ લોકોના આરોગ્યને લગતા પ્રશ્નોનો ઉકેલ શોધવા, તેમના પ્રશ્નોને વાચા આપવા અને સેવા રૂરલના જ વિવિધ વિભાગોનું મૂલ્યાંકન કરવા સંશોધન કરવામાં આવે છે. સેવા રૂરલમાં થતા બધા જ સંશોધનો મૂલ્યો આધારિત હોય તે નકકી કરવા એક ઈથીકસ કમિટિ બનાવેલ છે. બધા જ સંશોધનો આ કમિટિની મંજુરી મેળવીને જ ચાલુ કરવામાં આવે છે.

દેશની કેટલીક અગત્યની આરોગ્ય સમસ્યાઓના બૃહદ ઉકેલ માટે સંસ્થા દ્વારા થયેલ સંશોધન કાર્યોનું પ્રદાન આ વર્ષે અગત્યનું રહયું. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની મદદથી નવજાત શિશુઓનું વજન અને ઉંચાઈ માપવાનું સોફટવેર હવે એક રાજયમાં અમલ થવાનું શરૂ થયું છે. સગર્ભાવસ્થામાં એનિમિયાના કારણો જાણવા વિશેના અભ્યાસના તારણો હવે રાષ્ટ્રીય કક્ષાની સારવાર માટેની માર્ગદર્શિકા માટે ઉપયોગી બની રહયા છે. સિકલસેલથી પીડાતી સગર્ભાના આરોગ્યમાં સુધારો કરવા માટે સૌ પ્રથમ વખત કિલનિકલ ટ્રાયલ શરૂ કરવામાં આવ્યો છે.

### ગયા વર્ષે ચાલુ કરેલ અને ચાલુ સંશોધન આ પ્રમાણે છે:

(૧) નિયોનેટલ કેર યુનિટ (SNCU) ફોલો–અપ પ્રોજેકટ, સેવા રૂરલ, ઝઘડિયા ખાતે ગુજરાતના નર્મદા અને ભરૂચ જિલ્લાના પસંદગીના બ્લોકમાં બાળ મૃત્યુદર અને કુપોષણની સ્થિતિ ઘટાડવા માટે સ્પેશિયલ નિયોનેટલ કેર યુનિટ ફોલો–અપ પ્રોજેકટની અસરકારકતા ચકાસવી.

(૨) ગુજરાત અને ભારતના આદિવાસી વિસ્તારમાં સીકલસેલ રોગ માટે નવજાત શિશુમાં તપાસ કરવી અને સીકલસેલ રોગથી પીડાતા બાળકને સારવાર આપી તેની અસરકારકતા તપાસવી.

(૩) ગુજરાતના આદિવાસી વિસ્તારમાં બિન–સરકારી સંસ્થામાં સર્વાંગી સંભાળ કાર્યક્રમમાં નોંધાયેલા સીકલસેલ રોગના દર્દીઓના મૃત્યુ અને તેના કારણોનો અભ્યાસ.

(૪) સગર્ભાવસ્થા દરમ્યાન હાઈડ્રોક્ષીયુરીયા લીધી હોય તે સગર્ભા બહેનોના અને તેમના ગર્ભની કલીનીકલ કંડીશન જાણવા માટેનો અભ્યાસઃ પશ્ચિમ ભારતના આદિવાસી વિસ્તારમાં એક કલીનીકલ ટ્રાયલ.

(૫) મોબાઈલનો ઉપયોગ કરી લોહીમાં હિમોગ્લોબીનનું પ્રમાણ જાણવાનો પ્રયોગ.

(૬) સરકારી માળખામાં પ્રાથમિક આરોગ્યમાં કઈ રીતે સુધારો કરી શકાય તે જાણવા દમણ દાદરાનગર હવેલીમાં એક પ્રયોગ.

(૭) ગ્રામ આરોગ્ય કાર્યકર દ્વારા પ્રાથમિક આરોગ્યના માળખામાં સુધારો કરી ગ્રામ્ય વિસ્તારમાં બિનચેપી રોગો દ્વારા થતી તકલીફો અને મૃત્યુ કઈ રીતે ઓછા કરી શકાય તે માટેનો પ્રયોગ.

## ગત વર્ષે પૂર્ણ કરેલ સંશોધન કાર્યો :

(૧) સગર્ભાવસ્થા દરમ્યાન હાઈડ્રોક્ષીયુરીયા લીધી હોય તે સગર્ભા બહેનોના અને તેમના ગર્ભની કલીનીકલ કંડીશન જાણવા માટેનો અભ્યાસ: પશ્ચિમ ભારતના આદિવાસી વિસ્તારની એક કેસ શ્રેણી.

(૨) આરોગ્ય સંભાળ સેવા વિતરણ ટીમોની રચના સેવાની ગુણવત્તાને કેવી રીતે અસર કરે છે તેની તપાસ કરવી.

## સેવા રૂરલ દ્વારા કે સેવા રૂરલના યોગદાન થકી ગત વર્ષે પબ્લીશ કરેલા પેપર :


1. Dave K, Desai S, Desai T, Desai G. Adverse maternal and fetal outcomes among tribal pregnant women suffering from sickle cell disease: A retrospective cohort study in a community-based hospital situated in a tribal block of Gujarat, India. Int J Gynecol Obstet. 2024; 00: 1–7. doi:10.1002/ijgo.15999

2. Kucha K, Vaishnav H, Damor P,Yagnik A, Desai G, Maitra N. Utero cutaneous fistula after caesarean section: a case report. Int J Reprod Contracept Obstet Gynecol 2024;13:3391-4

3. Pandya A, Dave K, Desai S, Desai G. Perceptions of patients and stakeholders on a prenatal sickle cell disease screening and its results among tribal populations of Gujarat: a participatory mixed-method research. J Community Genet. 2025 Jan 21. doi: 10.1007/s12687-025-00768-5. Epub ahead of print. PMID: 39833511.

4. Surve, S., Thakor, M., Madkaikar, M., Kaur, H., Desai, S., Shanmugam, R., Mohanty, S. S., Pandey, A., Salomi Kerketta, A., Dave, K., Gawit, K. G., Bharathi Ramasamy, L., Warerkar, O., Kedar, P., Kulkarni, R., Nair, S., Rajamani, N., & Nadkarni, A. (2025). Protocol for a Multicentric Cohort Study on Neonatal Screening and Early Interventions for Sickle Cell Disease Among High-Prevalence States of India. Diagnostics, 15(6), 730. https://doi.org/10.3390/diagnostics15060730

# અમારા સાથી.... અમારા કાર્યકરો માટે...

**ધ્યેય અને હેતુ:** ૧. સંસ્થાના મિશન, સંસ્કારનું સિંચન તથા દ્રઢીકરણ ૨. હકારાત્મક અને ઉત્સાહવર્ધક વાતાવરણની પૂર્તિ ૩. કાર્યકરોના સ્વવિકાસ દ્વારા સંસ્થાનો વિકાસ ૪. પરિવારભાવના વિકસાવવી.

- તા.૨૬/૮/૨૦૨૪ને સોમવારના રોજ જન્માષ્ટમી ઉત્સવની ઉજવણી કાર્યકરો અને તેમના પરિવાર સાથે ઉત્સાહપૂર્વક ઉજવવામાં આવી.

- તા. ૨૬ ઓક્ટોબર, ૨૦૨૪ ના રોજ સેવા રૂરલના ૪૫મા સ્થાપના દિનની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરી, પરિવાર મિલનનો હેતુ, મુખ્ય મહેમાનનું સ્વાગત અને પરિચય, સંસ્થામાં વર્ષ દરમ્યાન બનેલા ખાસ અભિનંદન પ્રસંગની રજૂઆત અને હાલના સમયનો સૌથી મોટો પ્રશ્ન વધુ પડતો મોબાઈલના વપરાશ ઘટાડવા માટે જાગૃતતા લાવતું એક નાનું નાટક સી. એચ. પી. ટીમ દ્વારા ભજવવામાં આવ્યું હતું. સંસ્થાના વિવિધ ૧૦ વિભાગોમાંથી પસંદ થયેલા ૧૦ કાર્યકરોને વિશેષ ઈનામ આપી તેઓને 'શ્રેષ્ઠ કાર્યકર' તરીકે સન્માનિત કરવામાં આવ્યા. મુખ્ય મહેમાન ડો. ભરતભાઈ શાહ અને માધવીબેન શાહ ના પ્રાંસગિક (કુદરતી ઉપચર કેન્દ્ર, વડોદરા) ઉદ્દબોધન બાદ સમગ્ર કાર્યક્રમનાં સંચાલક જૈમિત રાવલ દ્વારા આભારવિધિ કરવામાં આવી. અને સૌએ સમૂહ ભોજનનો આસ્વાદ માણ્યો. ત્યારબાદ કાર્યકર અને પરિવારના સૌ સભ્યોએ સાથે મળી ગરબા રમવાનો આનંદ માણ્યો.




પરિવાર સ્નેહમિલન

- તા.૦૧/૧૧/૨૦૨૪ ના રોજ "દિવાળી સ્નેહમિલન કાર્યક્રમ" યોજાયો. જે સંસ્થાના કાર્યકરો અને પરિવારના સભ્યો માટે દર વર્ષે દિવાળીના દિવસે આયોજીત કરવામાં આવે છે. જેમાં કાર્યકર અને તેના પરિવારના સભ્યો દ્વારા વિવિધ કૃતિઓ જેવી કે ડાન્સ, ભજન, જોક્સ, નાટક, ગીત વિગેરે રજૂ કરવામાં આવ્યા. અંતમાં હળવું ભોજન લઈ સૌએ એકબીજાને દિવાળી પર્વની શુભેચ્છાઓ પાઠવી હતી.

- તા.૧૧ થી ૧૮ મે ૨૪ના રોજ ગોવા પ્રવાસ, સંસ્થાના કાર્યકર તથા પરિવારના સભ્યો પણ બહારની દુનિયાથી પરિચિત થાય. નવા નવા ફરવા– જોવા લાયક સ્થળો જઈ તેનો આનંદ માણે, પરિવાર ભાવના વધે તે હેતુથી સાત દિવસનો મોટો પ્રવાસ–નાસિક, શિરડી, શનિદેવ, ગોવા, લોનાવાલા, ખંડાલા, મહાડના પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કાર્યકર અને પરિવારના સભ્યો મળી કુલ ૪૬ સભ્યો જોડાયા હતા.

- તા.૦૧/૧૨/૨૦૨૪ અંકલેશ્વરની વિવિધ સંસ્થાઓ દ્વારા આયોજિત હાફ મેરેથોનમાં સંસ્થામાંથી કુલ ૫૦ જેટલા કાર્યકર અને પરિવારના સભ્યોએ ખૂબ ઉત્સાહભેર ભાગ લીધો હતો.




રેવા મેરેથોન ૨.૦

- તા.૧૯ જુન ૨૪ના રોજ સામાન્ય જ્ઞાન પ્રશ્નોત્તરી સ્પર્ધા સંસ્થામાં કાર્ય કરતા કરતા કાર્યકરોમાં નવા જ્ઞાનનો સંચાર થાય, માહિતીથી પરિચિત થાય અને દેશ–દુનિયાની બધી વાતોથી વાકેફ થાય તે હેતુથી જનરલ નોલેજ કિવઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ વિભાગની કુલ આઠ ટીમોમાં ૮૦ જેટલા કાર્યકરોએ ખૂબ જ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં વિજેતા ટીમને ઈનામ તથા અન્ય સ્પર્ધકોને પ્રોત્સાહિત ઈનામ આપવામાં આવ્યા હતા.
- તા. ૧૮ જુલાઈ ગૌરીવ્રત (મહેદી સ્પર્ધા) ગૌરીવ્રતની ઉજવણીના ભાગ રૂપે સંસ્થામાં કામ કરતા બહેનો / પરિવારના સભ્યો માટે મહેંદી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં ૧૨ જેટલા બહેનોએ ભાગ લીધો હતો અને ખૂબ સરસ અને કલાત્મક રંગોળી મુકી હતી. વિજેતા થનાર બહેનોને ઈનામ આપી પ્રોત્સાહિત કર્યા હતા.



ગૌરીવ્રતની ઉજવણી

- તા. ૧૫ ઓગ.૨૪ ના રોજ સેવા રૂરલમાં સ્વતંત્રતા દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ દિવસે સંસ્થામાંથી વયનિવૃત થનાર ઓફિસ આસીસ્ટન્ટ સરાધભાઈ વસાવાના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે સૌએ મોં મીઠુ કરી આનંદ માણ્યો હતો.
- દર વર્ષની જેમ **આ વર્ષે પણ સંસ્કાર સિંચન વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.** જેમાં સંસ્થામાં કામ કરતા દરેક ભાઈ–બહેનો સાત એક દિવસીય અને એક રાત્રી રોકાણ દોઢ દિવસ એમ કુલ આઠ ભાગમાં વર્કશોપમાં જોડાયા હતા. વર્કશોપની શરૂઆત પ્રાર્થના – પ્રેરણાદાયી વાંચનથી કરવામાં આવી. ત્યારબાદ પરિચય માટે રમત અને સંસ્થાના મિશનના દ્રઢિકરણ માટેનું મેઈન સેશન જેમાં સંસ્થાના જ કાર્યકરોની અલગ અલગ પાંચ વિષયો (૧) ગરીબોનું કામ (૨) પ્રામાણિકતા (૩) સ્વવિકાસની તકો (૪) ટીમ વર્ક અને (૫) ચારિત્ર્યશીલતા પર પાંચ ગ્રૃપમાં વિસ્તારપૂર્વક



## સંસ્કાર સિંચન વર્કશોપ

ચર્ચા અને તેનું પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું હતું. લંચ બ્રેક બાદ નાની રમત "પોતાનો પથ્થર ઓળખો" અને તેને સંલગ્ન સંબંધ વિશેનું સેશન કોકિલાબેન પંડયા દ્વારા લેવામાં આવ્યુ હતું. દિવસને અંતે સંસ્થાના કોરગ્રૃપના સભ્ય દ્વારા સંસ્થાના મિશનની વધુ સ્પષ્ટતા અને સમજ માટે વીડિયો કલીપ, પરસ્પર ચર્ચા દ્વારા સમજ આપવામાં આવી હતી અને સંસ્થાના મિશનની વધુ સારી સ્પષ્ટતા, સમજ અને નવા વિચારો લઈ છૂટા પડયા હતા.

- તા. ૨૦ ડિસેમ્બરના રોજ કાર્યકર અને પરિવારના સભ્યો માટે આનંદમેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સ્ટાફ પરિવારના કુલ ૧૮ જેટલા સભ્યોએ વિવિધ સ્વાદિષ્ટ વાનગીઓના સ્ટોલ રાખ્યાં હતાં. આનંદમેળાની શરૂઆત અમેરિકાથી આવેલ ડો. મુદિતાબેન દવે અને મુંજાલભાઈ દવે એ અમારા સફાઈ કાર્યકર બહેનના સ્ટોલથી કરી. ત્યારબાદ અમારા કાર્યકરો, પરિવારના સભ્યો તથા દાખલ દર્દીઓએ આનંદમેળાની વિવિધ વાનગીઓનો સ્વાદ માણ્યો.

- ગુજરાત સરકાર દ્વારા યોજાતા ખેલ મહાકુંભમાં આ વર્ષે તા. ૧૭/૦૧/૨૦૨૫ નાં રોજ સેવા રૂરલ સંસ્થામાંથી કાર્યકર અને ટેકનીકલ તાલીમ કેન્દ્રનાં વિદ્યાર્થીઓ એમ કુલ બે ટીમોએ ઓપન શુટીંગ વોલીબોલ સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં સેવા રૂરલના વિવેકાનંદ ગ્રામીણ ટેકનીકી કેન્દ્ર, ગુમાનદેવના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ દેખાવ કરી જિલ્લા કક્ષાએ દ્વિતીય નંબર પ્રાપ્ત કર્યો હતો.



## રમતોત્સવ

- તા. ૨૬ જાન્યુઆરીના રોજ સેવા રૂરલ સંસ્થામાં ગણતંત્ર દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સંસ્થાનાં નિવૃત્ત કાર્યકર શાંતાબેન પઢીયાર તથા શ્રી દિનેશભાઈ પુરોહિતના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રીય પર્વને ધ્યાને રાખી ખાસ આ વખતે દેશભકિત ગીત ગાવાની સ્પર્ધા રાખવામાં આવી હતી. જેમાં કુલ આઠ જેટલા કાર્યકર / પરિવારના સભ્યોએ ભાગ લીધો હતો. વિજેતાને ઈનામ આપવામાં આવ્યા હતાં સાથો સાથ વર્ષ દરમિયાન યોજાયેલ વિવિધ રમતોના વિજેતાને પણ આ પ્રસંગે ઈનામ આપી પ્રોત્સાહિત કર્યા હતાં.

# નાણાંકીય સ્રોત

સેવા રૂરલની આરોગ્ય, તબીબી અને સર્વાંગી વિકાસલક્ષી પ્રવૃતિઓ દ્વારા વંચિતોને મદદરૂપ થવાની યાત્રાનું ૪૪મું વર્ષ પૂરું થયુ છે. અગાઉના વર્ષોની જેમ હાલ પણ દેશ અને પરદેશના દાતાઓ, ટ્રસ્ટો, ફંન્ડીગ એજન્સી તેમજ કેન્દ્ર અને રાજય સરકાર તરફથી ગ્રાન્ટ, ડોનેશન અને વસ્તુદાન ઉદારતાથી મળતા રહયા અને વિશ્વાસનું વાતાવરણ બની રહયું છે.

ચાલુ વર્ષે સેવા રૂરલમાં બધું મળીને કુલ **રૂા.૩૧૦૦ લાખ**નો ખર્ચ થયો હતો. તેમાંથી **રૂા.૨૧૦૦ લાખ** વિવિધ આરોગ્ય અને શિક્ષણની સેવાઓના **નિભાવ ખર્ચ** પાછળ ખર્ચાયા હતા. જયારે બાકીના **રૂા.૧૦૦૦ લાખ** નવા મકાનો, સાધનો અને વાહનો જેવી મિલકત પાછળ ખર્ચાયા હતા. **વહીવટ અને આનુષાંગિક સેવાઓ પર ૯%** સુધીનો શકય એટલો ઓછો ખર્ચ કરવામાં આવ્યો હતો.

ઈન્કમટેક્ષના ૧૨–A ના નિયમ પ્રમાણે વર્ષ અંતિત વધતી રૂા.૭૪૮ લાખની રકમને આવતા પાંચ વર્ષોમાં બાંધકામ અને કોમ્યુનીટી હેલ્થ પ્રોજેકટની પ્રવૃતિ માટે અલગ રાખવામાં આવેલ છે.

માર્ચ ૨૦૨૪ અંતિત સંસ્થાની હાલની **એસેટ વેલ્યુ રૂા. ૩૮૪૧ લાખ** (જેમાંથી Immovable Propertiesની વેલ્યુ રૂા.૨૬૭૨ લાખ છે)

હોસ્પિટલ વિસ્તૃતિકરણનો ૪૦ કરોડના મેગા પ્રોજેકટનું કામ ચાલી રહયું છે. આ કામ માટે

**વર્ષ દરમ્યાન કુલ નિભાવ ખર્ચ રૂા.૨૧૦૦ લાખ (વધારાનો સ્થાપિત ખર્ચ રૂા.૧૦૦૦ લાખ)**




**(*) રૂા. ૨૮૬ લાખ ઘસારા ખર્ચનો સમાવેશ કરેલ નથી.**

**કુલ આવક રૂા. ૨૪૦૮ લાખ (નિભાવ ખર્ચ માટે)**




અમેરિકા સ્થિત શિશિરભાઈ અને તેમના મિત્રો ઉપરાંત નિર્માણ ફાઉન્ડેશન, ટીમકીન ફાઉન્ડેશન અને દેશના અન્ય ઔદ્યોગિક ગૃહો તરફથી CSR હેઠળ દાનનો ઘણો સારો પ્રતિસાદ મળ્યો છે. તે આનંદની વાત છે. આજ રીતે વોકેશનલ ટ્રેનીગ સેન્ટર વિજીટીકે માટે નવી હોસ્ટેલ, સ્ટાફ કવાટર્સ, નવા ટ્રેડ સંદર્ભે **રૂા. ૧૮ કરોડ** ના ફંડની જરૂરિયાત ઉભી થઈ છે. અમને વિશ્વાસ છે અમારા શુભેચ્છકો તરફથી અગાઉના વર્ષોની જેમ તે મદદ મળતી રહેશે.

સેવા રૂરલને આવતા વર્ષમાં આરોગ્ય અને તબીબી સેવાઓ તેમજ ટેકનીકલ ટ્રેનીગ અને આનુષંગિક પ્રવૃતિઓના નિભાવ ખર્ચ, મળીને **રૂા.૨૪ કરોડ**ના ખર્ચનો અંદાજ છે. સમાજમાં સેવા રૂરલની આટલા વર્ષોની ઉભી થયેલી શાખ, વિશ્વસનીયતા અને સર્મપણની ભાવનાના પરિણામે અમને વિશ્વાસ છે કે બાકી રહેલા **રૂા.૪ કરોડ** માટેનો ટેકો સખાવતી ટ્રસ્ટો, ઔદ્યોગિક ગૃહો તેમજ દેશ પરદેશના દાતાઓ અને શુભેચ્છકો તરફથી અગાઉના વર્ષોની જેમ મળતો જ રહેશે.

**“સારી હિસાબી વ્યવસ્થા એ સારા શાસનની પાયા રેખા છે”**

**– ડો. બી.આર. આંબેડકર**

**“ઈમાનદારી અને પારદર્શકતા એ સંસ્થાની સાચી સંપત્તિ છે”**

**– મહાત્મા ગાંધીજી**

# NATVARLAL VEPARI & CO.

Chartered Accountants

PAN : AADFN5448E

1st Floor, River Palace-II, Near Navdi Ovara, Nanpura, Surat- 395 001. www.vepari.com
Tel : +91 261 246 3636, | Fax : + 91 261 246 3634 | E-mail : info@vepari.com


## INDEPENDENT AUDITORS' REPORT

To the Trustee of Society for Education Welfare & Action Rural (SEWA Rural)

### Opinion

We have audited the financial statements of **SOCIETY FOR EDUCATION WELFARE & ACTION -RURAL (SEWA RURAL)** having **TRUST REGISTRATION NUMBER - F/110/BHARUCH** which comprise the Balance Sheet as at **31st March 2025,** related Income and Expenditure Account for the year then ended**,** and summary of significant accounting policies and other explanatory information for the year then ended.

In our opinion, the accompanying financial statements of the Trust are prepared, in all material respects, in accordance with Bombay Public Trust Act, 1950. Audit Report as required under Bombay Public Trust Act, 1950 and rules made there under is also annexed as "Annexure A".

### Basis for Opinion

We conducted our audit in accordance with the Standards on Auditing (SAs) issued by Institute of Chartered Accountants of India. Our responsibilities under those Standards are further described in the Auditor's Responsibilities for the Audit of the Financial Statements section of our report. We are independent of the entity in accordance with the Code of Ethics issued by the Institute of Chartered Accountants of India, and we have fulfilled our other ethical responsibilities in accordance with these requirements and the Code of Ethics. We believe that the audit evidence we have obtained is sufficient and appropriate to provide a basis for our opinion.

### Responsibilities of Management and Those Charged with Governance for the Financial Statement.

Trust's Management is responsible for the preparation of these financial statements in accordance with Bombay Public Trust Act, 1950 and for such internal control as management determines is necessary to enable the preparation of financial statements that are free from material misstatement, whether due to fraud or error.

In preparing the financial statements, management is responsible for assessing the entity's ability to continue as a going concern, disclosing, as applicable, matters related to going concern and using the going concern basis of accounting unless the Management either intends to liquidate the entity or to cease operations, or has no realistic alternative but to do so.

Those charged with governance are responsible for overseeing the entity's financial reporting process.

**NATVARLAL VEPARI & CO.**
**Chartered Accountants**

**We communicate with the management regarding, among other matters, the planned scope and timing of the audit and significant audit findings that we identify during our audit:**

1. The accounts are maintained regularly and in accordance with the provisions of the Act and Rules;
2. The incomes and Expenses have been appropriately and genuinely shown in the accounts;
3. The vouchers and cash balance in the custody of the Trust on the date of the audit were in agreement with the accounts;
4. All books, deeds, accounts, vouchers and other records required by us were produced before us;
5. Register of movable and immovable property is properly maintained;
6. The Managing Trustee had appeared before us and has furnished the necessary information required by us;
7. No property or funds of the trust were applied for any object or purpose other than the object or purpose of the Trust;
8. The amount outstanding for more than one year is **Rs. 56,46,875/-** and amount written off during the year is **Rs. NIL.**
9. During the year, tenders were invited for construction and / or repairs & renovation expenses exceeding Rs. 5,000/-
10. The funds of the Trust have not been invested contrary to the provisions of Section 35;
11. Immovable property of the Trust has not been alienated in contravention of the provisions of Section 36 of the Act.

Urvesh B. Jhaveri
Partner

Place : Surat
Date : 05/09/2025

NATVARLAL VEPARI & CO. SURAT CHARTERED ACCOUNTANTS

Partner : Urvesh B. Jhaveri
Membership No. 115773
UDIN : 25115773BMIWMQ3555
Name of Auditor : Natvarlal Vepari & Co.
Chartered Accountants, Firm Reg. No. 123626W
Address of Auditor: 1st Floor, Rivza Phase-11,
Nanpura, Surat-395 011
Contact Number : 0261-2463636

## THE BOMBAY PUBLIC TRUST ACT, 1950.
### Schedule VIII [Vide Rule 17 (1)]

Name of Public Trust : The Society for Education Welfare and Action - Rural
Address of Trust - Jhagadia - 393110, Dist - Bharuch, Gujarat
Contact Number - 02645220021
Details of Bank Account relating to transaction of foreign Contribution of Trust
Name of Bank - State Bank of India, Branch - New Delhi, Main Branch, Account No.: 40098511571
FCRA Regn. No. 041990006 Valid Till : 30-06-2027

Registration No.: F/110/Bharuch
Email : sewarural@sevarural.org
PAN : AAATS7375J

### Balance Sheet as at 31st March 2025

| Funds & Liabilities | Schedule | Rs. | Rs. | Previous year (Rs) | Property & Assets | Schedule | Rs. | Rs. | Previous year (Rs) |
|---|---|---|---|---|---|---|---|---|---|
| **Trust Funds or Corpus :** | | | 10737,71,558 | 9407,09,505 | **PROPERTIES :-** | E | | 6894,18,341 | 5980,09,536 |
| **(1) Non-Recurring-Donations & Grants** | A | | | | **(1) Immovable Properties :-** | | | | |
| Balance as per last Balance Sheet | | 6978,05,968 | | | Balance as per last Balance Sheet | | 3817,97,209 | | |
| Additions during the year | | 1148,07,571 | | | Additions during the year | | 454,29,302 | | |
| Deductions during the year | | 154,57,894 | | | Deduction during the year | | - | | |
| | | 7971,55,645 | | | | | **4272,26,511** | | |
| **(2) Donations - Courpus / Endowment Fund** | B | | | | **(2) Movable Properties :-** | | | | |
| Balance as per last Balance Sheet | | 2429,03,536 | | | Balance as per last Balance Sheet | | 2162,12,335 | | |
| Additions during the year | | 337,12,376 | | | Additions during the year | | 545,65,932 | | |
| Deductions during the year | | - | | | Deduction during the year | | 85,86,437 | | |
| | | 2766,15,912 | | | | | **2621,91,830** | | |
| **OTHER EARMARKED FUNDS :** | | | - | - | | | | | |
| Balance as per last Balance Sheet | | - | | | | | | | |
| Add : additions during the year | | - | | | | | | | |
| Less : Deductions during the year | | - | | | | | | | |
| Depreciation Fund | E | | 3053,59,015 | 2815,75,684 | **INVESTMENTS** | F | | 2876,95,814 | 2714,77,346 |
| Sinking Fund | | | | | Balance as per last Balance Sheet | | 2714,77,347 | | |
| Any other Fund | | | | | Add : Additions during the year | | 409,63,466 | | |
| Reserve Fund | | | | | Less : Deduction during the year | | 247,45,000 | | |
| **LIABILITIES** | | | | | **INVENTORIES** | | | | |
| For Expenses | | | | | **ADVANCES :-** | G | | 47,81,382 | 68,42,409 |
| Unutilised Grants | C | | 147,72,820 | 124,25,176 | ToTrustees | | - | 288,09,499 | 325,57,889 |
| | | | | | To Employees | | 10,32,148 | | |
| For rent and other deposits | | | - | - | To Contractors | | - | | |
| For sundry credit balances | D | | 22,97,253 | 153,61,177 | To Lawyers | | - | | |
| For Bank Balance due to Reconciliation | | | - | - | To Others | | 277,77,351 | | |

| Funds & Liabilities | Sched. | Rs. | Rs. | Previous year (Rs) | Property & Assets | Sched. | Rs. | Rs. | Previous year (Rs) |
|---|---|---|---|---|---|---|---|---|---|
| **INCOME AND EXPENDITURE AC:** | | | | | | | | | |
| Balance as per last Balance Sheet | | | | | **Cash and Bank Balance** | H | | 4792,64,665 | 4327,97,229 |
| Less Appropriation, if any | | | | | Bank balance in saving A/c | | 653,01,708 | | |
| | | | | | Bank balance in Fixed deposit A/c | | 4139,31,706 | | |
| | | | | | Cash on Hand with accountant | | 31,250 | | |
| | | | | | Cash on Hand with Trustee | | - | | |
| **ADD : SURPLUS / LESS : DEFICIT** | | | | | | | | | |
| As per income & Expenditure Account | | | | | | | | | |
| **INCOME AND EXPENDITURE AC:** | | | 937,69,054 | 916,12,867 | | | | | |
| Previous Year (Deficit) | | 916,12,867 | | | | | | | |
| Add/Less: during year surplus/(deficit) | | 21,56,187 | | | | | | | |
| (As per Income & Expenditure A/C) | | | | | **INCOME AND EXPENDITURE AC** | | | | |
| | | | | | Previous Year (Deficit) | | | | |
| | | | | | Add/Less: during year surplus/(deficit) | | | | |
| | | | | | (As per Income & Expenditure A/C) | | | | |
| **TOTAL** | | | **14899,69,701** | **13416,84,409** | **TOTAL** | | | **14899,69,701** | **13416,84,409** |

(1) No Investment is made in concerns in which trustees are interested
(2) Market value of investment on date of the 31st march 2025 is Rs. 28,76,95,814 (to the expert available)

The above Balance Sheet to the best of our belief contains a true account of the funds & Liabilities and of the Property and Assets of the Trust

Natvarlal Vepari & Co.
Chartered Accountants
Firm Reg No 123626W

Urvesh B. Jhaveri
Partner

NATVARLAL VEPARI & CO. * SURAT * CHARTERED ACCOUNTANTS

Partner
Urvesh B. Jhaveri
Mem No : 115773
UDIN : 25115773BMIWMQ3555
Name of Auditor : NATVARLAL VEPARI & CO
Address of Auditor : 1st Floor, River Palace - II, Nanpura, Surat - 395001
Contact Number of Auditor - 0261-2463636

Place : Surat
Date : 5 Sep, 2025

SEWA RURAL * JHAGADIA *

The Society for Education Welfare and Action - Rural

Trustee
Name of Trustee : Dr Pankaj Shah
Address of Trustee : SEWA Rural, Jhagadia, Gujarat - 393110
Contact number of Trustee : 02645 220021

Managing Trustee
SEWA RURAL
Jhagadia-393 110.

**THE BOMBAY PUBLIC TRUST ACT, 1950.**
**Schedule VIII [Vide Rule 17 (1)]**

Name of Public Trust : The Society for Education Welfare and Action - Rural
Address of Trust - Jhagadia - 393110, Dist - Bharuch, Gujarat
Contact Number - 02645220021
Details of Bank Account relating to transaction of foreign Contribution of Trust
Name of Bank - State Bank of India, Branch - New Delhi, Main Branch, Account No.: 40098511571
FCRA Regn. No. 041990006 Valid Till : 30-06-2027

Registration No.: F/110/Bharuch
Email : sewarural@sevarural.org
PAN : AAATS7375J

## Income & Expenditure for the year ended on 31st March 2025

| EXPENDITURE | Schedule | Rs. | Rs. | Previous year (Rs) | INCOME | Schedule | Rs. | Rs. | Previous year (Rs) |
|---|---|---|---|---|---|---|---|---|---|
| **To Expenditure In Respect of Properties** | | | | | **BY INTEREST** | | | 518,04,903 | 466,90,185 |
| Rent, Taxes, cesses | | 3,03,083 | 4,08,221 | 74,242 | On Securities | | 264,02,603 | | |
| Repairs and maintenance | | - | | | Saving Accounts | | 15,82,900 | | |
| Salaries | | - | | | Fixed Deposit | | 218,59,487 | | |
| Insurance | | 1,05,138 | | | Other | | 19,59,912 | | |
| Depreciation (by way of provisions of adjustment) | E | | 285,94,010 | 279,78,960 | | | | | |
| Assets Written off | | | | - | | | | | |
| Loss on sale of Vehicles & Assets | | | | - | | | | | |
| Loss on sale of Investments | | | | - | | | | | |
| **OTHER EXPENSES :-** | | | | | | | | | |
| Establishments Expenses | I | | 184,44,342 | 153,30,323 | | | | | |
| Remuneration to Trustee | | | - | - | | | | | |
| Remuneration (in the case of a math) to the head of the MATH, including his household expenditure, if any | | | | | **DONATIONS IN CASH OR IN KIND** | L | | 424,30,524 | 389,59,303 |
| Legal Expenses | | | - | 11,508 | Health & Medical | | 389,30,524 | | |
| Audit Fees | | | 2,55,380 | 2,06,500 | Educational | | 35,00,000 | | |
| Donation Expense | | | 9,00,000 | - | | | | | |
| Amounts written off | | | | | **GRANTS** | M | | 677,28,492 | 621,33,179 |
| (a) Bad Debts | | | | | Health & Medical | | 554,84,926 | | |
| (b) Loan Scholarship | | | | | Educational | | 122,43,566 | | |
| (d) Other items | | | | | | | | | |

| EXPENDITURE | Schedule | Rs. | Rs. | Previous year (Rs) | INCOME | Schedule | Rs. | Rs. | Previous year (Rs) |
|---|---|---|---|---|---|---|---|---|---|
| Miscellaneous Expenses | | | | | **INCOME FROM OTHER SOURCES** | N | | 788,12,260 | 938,11,096 |
| **Expenditure on the objects of the Trust** | | | 1900,18,039 | 1828,54,077 | Health & Medical | | 788,12,260 | | |
| (a) Religious | | - | | | Educational | | - | | |
| (b) Medical | J | 1694,65,493 | | | | | | | |
| © Education | K | 205,52,546 | | | | | | | |
| (d) Relief of poverty | | - | | | | | | | |
| (e) Other charitable objects | | - | | | | | | | |
| **Surplus carried over to Balance Sheet** | | | 21,56,187 | 151,38,152 | | | | | |
| **TOTAL** | | | **2407,76,179** | **2415,93,763** | **TOTAL** | | | **2407,76,179** | **2415,93,763** |

The above Income and Expenditure is to the best of our belief contains a true account of the Income and Expenditure of the Trust

Natvarlal Vepari & Co.
Chartered Accountants
Firm Reg No 123626W

Urvesh B. Jhaveri
Partner

NATVARLAL VEPARI & CO. * CHARTERED ACCOUNTANTS * SURAT

Partner
Urvesh B. Jhaveri
Mem No : 115773
UDIN : 25115773BMIWMQ3555

Name of Auditor : NATVARLAL VEPARI & CO
Address of Auditor : 1st Floor, River Palace - II, Nanpura, Surat - 395001
Contact Number of Auditor - 0261-2463636

Place : Surat
Date : 5 Sep, 2025

The Society for Education Welfare and Action - Rural

Trustee
Name of Trustee : Dr Pankaj Shah
Address of Trustee : SEWA Rural, Jhagadia, Gujarat - 393110
Contact number of Trustee : 02645 220021

SEWA RURAL * JHAGADIA *

Managing Trustee
SEWA RURAL
Jhagadia-393 110.

# અમો આભારી છીએ

## સંસ્થાકીય દાન

| અનુ. | દાતાનું નામ | સ્થળ | રકમ રૂા. |
|---|---|---|---|
| ૧. | એક શુભેચ્છકશ્રી | મુંબઈ | ૧,૦૦,૦૦,૦૦૦ |
| ૨. | અનોખી દવાની દુકાન | ઝઘડિયા | ૨૦,૦૦,૦૦૦ |
| ૩. | શ્રોફ ફેમિલી ચેરિટેબલ ટ્રસ્ટ | મુંબઈ | ૯,૮૫,૩૦૦ |
| ૪. | તત્વ ફાઉન્ડેશન | અમદાવાદ | ૭,૨૦,૦૦૦ |
| ૫. | ગુર્જર માનવ સેવા ટ્રસ્ટ | સુરત | ૫,૦૦,૦૦૦ |
| ૬. | ઉર– આશા જવેરી ફાઉન્ડેશન ટ્રસ્ટ | મુંબઈ | ૪,૦૦,૦૦૦ |
| ૭. | અતુલ ફાઉન્ડેશન ટ્રસ્ટ | અતુલ | ૩,૨૩,૨૯૧ |
| ૮. | શ્રીમતી દયાબેન ગિરજાશંકર શેઠ ટ્રસ્ટ | મુંબઈ | ૩,૦૦,૦૦૦ |
| ૯. | મૈત્રી મંડળ ટ્રસ્ટ | વડોદરા | ૨,૬૦,૨૪૩ |
| ૧૦. | સ્વ. શ્રીમતી ભદ્રા આર. સુખડવાલા ટ્રસ્ટ | મુંબઈ | ૨,૫૦,૦૦૦ |
| ૧૧. | શાંતિલાલ ઉજમસિંહભાઈ સન્સ ચેરીટી ટ્રસ્ટ | મુંબઈ | ૨,૨૫,૦૦૦ |
| ૧૨. | વિનોદકાંતા રમણલાલ શાહ ચેરીટી ટ્રસ્ટ | મુંબઈ | ૨,૧૦,૦૦૦ |
| ૧૩. | લીલાવતી આર. શાહ મેડિકલ રિલીફ ટ્રસ્ટ | મુંબઈ | ૨,૦૦,૦૦૦ |
| ૧૪. | એમ. એન. ચોકસી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ | અમદાવાદ | ૧,૫૬,૨૧૮ |
| ૧૫. | સુમતિલાલ લહેરચંદ પટવા ટ્રસ્ટ | મુંબઈ | ૧,૨૫,૦૦૦ |
| ૧૬. | પ્રલીન પબ્લીક ચેરિટેબલ ટ્રસ્ટ | અમદાવાદ | ૧,૧૫,૫૫૫ |
| ૧૭. | આદર્શ ચેરિટેબલ ટ્રસ્ટ | મુંબઈ | ૧,૦૦,૦૦૦ |
| ૧૮. | પંકજ કાપડિયા ચેરીટેબલ ટ્રસ્ટ | સુરત | ૧,૦૦,૦૦૦ |
| ૧૯. | લાયન્સ ક્લબ ઓફ અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીયલ એરીયા | અંકલેશ્વર | ૫૭,૦૦૦ |
| ૨૦. | શ્રી વ્રજલાલ અને શ્રીમતી વિજયલક્ષ્મી ખંડેરિયા ચેરિટેબલ ટ્રસ્ટ | રાજકોટ | ૫૧,૦૦૦ |

| અનુ. | દાતાનું નામ | સ્થળ | રકમ રૂા. |
|---|---|---|---|
| ૨૧. | મહેન્દ્ર જશવંતલાલ પારેખ ચેરીટેબલ ટ્રસ્ટ | મુંબઈ | ૫૦,૦૦૦ |
| ૨૨. | વાડીલાલ ભોગીલાલ શાહ ચેરીટેબલ ટ્રસ્ટ | વડોદરા | ૪૦,૦૦૦ |
| ૨૩. | આનંદ ચેરીટી ટ્રસ્ટ | અમદાવાદ | ૩૫,૦૦૦ |
| ૨૪. | શ્રી પાર્શ્વનાથ ચેરીટેબલ ટ્રસ્ટ | અમદાવાદ | ૩૧,૦૦૦ |
| ૨૫. | જીવાબેન ગોપાલભાઈ ચેરીટેબલ ટ્રસ્ટ | ભરૂચ | ૩૦,૦૦૦ |
| ૨૬. | નાથાભાઈ મોરારભાઈ ટ્રસ્ટના ગં.સ્વ.બાઈ સુરજબેન | ડોરા | ૩૦,૦૦૦ |
| ૨૭. | શ્રી હરિહિરા તર્પણ ટ્રસ્ટ | મુંબઈ | ૨૫,૦૦૦ |
| ૨૮. | શ્રી મથુરદાદા શુભ પ્રવૃતિ ટ્રસ્ટ ફંડ | મુંબઈ | ૨૫,૦૦૦ |
| ૨૯. | લોક સેવા ટ્રસ્ટ | અમદાવાદ | ૨૫,૦૦૦ |
| ૩૦. | સરસ્વતી જ્યોત ચેરીટેબલ ટ્રસ્ટ | ગાંધીનગર | ૧૫,૦૦૦ |
| ૩૧. | શાંતાબેન દલીચંદ ચેરીટેબલ ટ્રસ્ટ | સુરત | ૧૩,૦૦૦ |
| ૩૨. | સેવા રૂરલના કર્મચારીઓની વિવિધલક્ષી સહકારી મંડળી લિ. | ઝઘડિયા | ૧૧,૦૦૦ |
| ૩૩. | ઓન લાઈન ગીવીગ ફાઉન્ડેશન (ઈન્ડીયા) (બેનીવીટી દ્વારા )– દીપ શાહ | મુંબઈ | ૧૧,૦૦૦ |
| ૩૪. | શેઠ ચેરીટેબલ ટ્રસ્ટ | અમદાવાદ | ૧૧,૦૦૦ |
| ૩૫. | રાધિકાબેન હિંમતલાલ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ | વડોદરા | ૧૦,૦૦૦ |
| ૩૬. | અલ–મહમૂદ ચેરિટેબલ ટ્રસ્ટ | જંબુસર | ૧૦,૦૦૦ |
| ૩૭. | અન્નપૂર્ણા ફાર્મ્સ પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ | મુંબઈ | ૧૦,૦૦૦ |
| ૩૮. | કચેરીયા ફાઉન્ડેશન | અમદાવાદ | ૧૦,૦૦૦ |
| ૩૯. | સ્વ.ઈરવદ હોરમુસજી પેસ્તનજી અંતિયા અને શ્રીમતી દિનામાઈ હોરમુસજી અંતિયા ટ્રસ્ટ | મુંબઈ | ૧૦,૦૦૦ |
| ૪૦. | એન.એન.દેસાઈ ચેરીટેબલ ટ્રસ્ટ | સુરત | ૫,૦૦૦ |
| ૪૧. | શારદા મહિલા આદર્શ જુથ | ઝઘડિયા | ૪,૦૦૦ |

# ઔદ્યોગિક એકમો અને વ્યાપારી ગૃહો દ્વારા CSR હેઠળ મળેલ દાન

| અ.નં. | લોગો | કંપનીનું નામ | રકમ | હેતુ |
|---|---|---|---|---|
| ૧ | ANUPAM RASAYAN INDIA LTD. | અનુપમ રસાયણ ઈન્ડીયા લિમીટેડ | ૪૫૧૭૫૦૦ | એડોલેસન્ટ હેલ્થ પ્રોજેક્ટ |
| | | | ૩૧૬૨૪૦૦ | SNUC ફોલોઅપ પ્રોજેક્ટ |
| ૨ | deccan Fine Chemicals (India) Pvt. Ltd. | ડેક્કન ફાઇન કેમિકલ્સ(ઇન્ડિયા) પ્રાઈવેટ લીમીટેડ | ૫૭૭૫૦૦ | ગરીબ દર્દીઓ માટે |
| | | | ૪૨૦૦૦૦ | વિજીટીકે વિદ્યાર્થી માટે |
| ૩ | GUJARAT CHEMICAL PORT TERMINAL COMPANY LIMITED | ગુજરાત કેમીકલ પોર્ટ લીમીટેડ | ૨૨૫૦૦૦૦૦ | હોસ્પિટલ વિસ્તરણ પ્રોજેક્ટ |
| | | | ૮૩૦૬૧૬ | વિજીટીકે જનરલ પ્રવૃતિ |
| | | | ૧૩૧૫૦૦ | કિશોર સશક્તિકરણ પ્રોજેક્ટ |
| ૪ | MastekFoundation Informed Giving, Responsible Receiving | માસ્ટેક ફાઉન્ડેશન | ૨૭૬૨૭૫૪ | હોસ્પિટલ વિસ્તરણ સાધનો |
| ૫ | REAGENS® Reagens India Polymer Additives | રેજન્સ ઈન્ડીયા પોલીમર એડીટીવ્સ પ્રાઈવેટ લીમીટેડ | ૯૬૧૦૦૦ | હોસ્પિટલ વિસ્તરણ સાધનો |
| ૬ | Champion | ચેમ્પિયન એડવાન્સ્ડ મટિરિયલ પ્રાઈવેટ લીમીટેડ | ૫૦૦૦૦ | સેવા રૂરલ જનરલ પ્રવૃતિ |
| ૭ | | આર.જે.પી. ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રાઈવેટ લીમીટેડ | ૧૧૦૦૦૦૦ | હોસ્પિટલ વિસ્તરણ પ્રોજેક્ટ |
| ૮ | DHIL stands for Dahej Harbour and Infrastructure Limited | દહેજ હાર્બર અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર લીમીટેડ | ૭૯૨૨૫ | આંખ કેમ્પ |
| ૯ | Galaxy Global Supplier to Global Brands | ગેલેક્સી એન્ટરપ્રાઇઝ | ૨૦૦૦૦૦૦ | હોસ્પિટલ વિસ્તરણ પ્રોજેક્ટ |
| ૧૦ | GEC GALIAKOTWALA ENGINEERING CO. PVT. LTD. | ગલિયાકોટવાલા એન્જિનિયરિંગ કંપની પ્રા. લિ. | ૪૦૦૦૦૦૦ | હોસ્પિટલ વિસ્તરણ પ્રોજેક્ટ |

| અ.નં. | લોગો | કંપનીનું નામ | રકમ | હેતુ |
|---|---|---|---|---|
| ૧૧ | Gulbrandsen TECHNOLOGIES | ગુલબ્રાન્ડસેન ટેકનોલોજીસ (ઇન્ડિયા) પ્રાઇવેટ લિ. | ૩૦૦૦૦૦ | હોસ્પિટલ વિસ્તરણ પ્રોજેકટ |
| ૧૨ | NARDES | નર્મદાનગર રૂરલ ડેવલપમેન્ટ સોસાયટી | ૧૬૯૧૦૦૦ | વિજીટીકે વિદ્યાર્થી માટે |
| ૧૩ | V2SOLUTIONS Inspiring Change | V2 ટેક વેન્ચર્સ પ્રાઈવેટ લીમીટેડ | ૧૫૧૦૦૦ | હેલ્થ અને મેડીકલ સેવા |
| ૧૪ | core JEWELLERY PVT. LTD. | કોર જ્વેલરી પ્રાઈવેટ લીમીટેડ | ૧૦૦૦૦૦૦ | વિજીટીકે વિદ્યાર્થી માટે |
| ૧૫ | KP | કે પટેલ કેમો ફાર્મા પ્રાઈવેટ લીમીટેડ | ૨૧૦૦૦૦ | વિજીટીકે વિદ્યાર્થી માટે |
| ૧૬ | HVK | એચવીકે ઇન્ટરનેશનલ પ્રાઈવેટ લીમીટેડ | ૧૧૦૦૦૦૦ | હોસ્પિટલ વિસ્તરણ પ્રોજેક્ટ |
| ૧૭ | UNISON UNPARALLELED INSURANCE SOLUTIONS | યુનિસન ઇન્શ્યોરન્સ બ્રોકિંગ સર્વિસીસ પ્રાઈવેટ લિ. | ૧૫૦૦૦૦૦<br>૨૦૦૦૦૦૦ | હોસ્પિટલ વિસ્તરણ પ્રોજેક્ટ<br>હોસ્પિટલ વિસ્તરણ સાધનો |
| ૧૮ | HDB FINANCIAL SERVICES | એચડીબી ફાઈનાન્સીયલ સર્વીસ લીમીટેડ | ૬૦૦૦૦૦૦ | હોસ્પિટલ વિસ્તરણ પ્રોજેક્ટ |
| ૧૯ | BEIL | બેઈલ ઇન્ફ્રાસ્ટ્રકચર લિ. | ૫૦૦૦૦૦ | વિજીટીકે જનરલ પ્રવૃતિ |

## ઔદ્યોગિક એકમો અને વ્યાપારી ગૃહો દ્વારા મળેલ દાન

| અનુ. | કંપનીનું નામ | સ્થળ | રકમ રૂા. |
|---|---|---|---|
| ૧. | લોટસ જ્વેલર્સ | મુંબઈ | ૨૫,૦૦,૦૦૦ |
| ૨. | ઝઘડિયા ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશન | ઝઘડિયા | ૨૦,૦૦,૦૦૦ |
| ૩. | બી.ઇ.સી. કેમિકલ્સ પ્રાઈવેટ લીમીટેડ | મુંબઈ | ૧૦,૦૦,૦૦૦ |
| ૪. | ગુજરાત નર્મદા વેલી ફર્ટિલાઇઝર કંપની લીમીટેડ | ભરૂચ | ૬,૯૧,૦૦૦ |
| ૫. | સેન્ચ્યુરી એનકા લિમિટેડ (યુનીટ રાજશ્રી પોલીફીલ) | ઉમલ્લા | ૨,૫૦,૫૯૪ |
| ૬ | હિમાલયા મશીનરી પ્રાઈવેટ લીમીટેડ | વડોદરા | ૨,૦૦,૦૦૦ |
| ૭. | ગેલેક્સી એન્ટરપ્રાઇઝ | અમદાવાદ | ૧,૫૦,૦૦૦ |
| ૮. | પચ્ચીગર જ્વેલર્સ | સુરત | ૧,૦૦,૦૦૦ |
| ૯. | એક શુભેચ્છકશ્રી | મુંબઈ | ૧,૦૦,૦૦૦ |
| ૧૦. | ફોર્ચ્યુન મેડિકલ્સ | ભરૂચ | ૯૦,૦૦૦ |
| ૧૧. | આનંદ પેટ્રોકેમ પ્રાઈવેટ લીમીટેડ | અંકલેશ્વર | ૭૦,૦૦૦ |
| ૧૨. | કાયલભાઈ પટેલ હસ્તે શિવમ સ્માર્ટ ટેક સોલ્યુશન્સ | ભરૂચ | ૫૨,૪૭૯ |
| ૧૩. | પારસ ફાર્મા ડીસ્ટ્રીબ્યુટર્સ | ભરૂચ | ૫૧,૦૦૦ |
| ૧૪. | સનશાઇન ટેકનોલોજીસ | સુરત | ૫૦,૦૦૦ |
| ૧૫. | નવીન સર્જિકલ કંપની | અમદાવાદ | ૪૫,૦૦૦ |
| ૧૬. | નમન મેડિકલ એજન્સી | ભરૂચ | ૩૩,૦૦૦ |
| ૧૭. | ગ્લાસ ફાઇબર એન્ડ એલાઈડ ઈન્ડસ્ટ્રીઝ | મુંબઈ | ૨૫,૦૦૦ |
| ૧૮. | નવીસુન એન્ડ કંપની | વડોદરા | ૨૧,૦૦૦ |
| ૧૯. | માતૃ કેમિકલ્સ | અંકલેશ્વર | ૧૫,૦૦૦ |
| ૨૦. | ફિનોર્નિક કેમિકલ્સ ઈન્ડિયા પ્રાઈવેટ લીમીટેડ | અંકલેશ્વર | ૧૧,૧૧૧ |
| ૨૧. | દિનયાર મેડિકલ સ્ટોર | વડોદરા | ૧૧,૦૦૦ |
| ૨૨. | આર.જે. કેટરર્સ | સુરત | ૧૧,૦૦૦ |
| ૨૩. | રેક્ષ ઇન્સ્ટ્રુમેન્ટ્સ | વડોદરા | ૧૧,૦૦૦ |
| ૨૪. | ઠક્કર સ્ટોક બ્રોકર્સ પ્રાઈવેટ લિમિટેડ | વડોદરા | ૧૧,૦૦૦ |
| ૨૫. | રામિન | વડોદરા | ૧૦,૦૦૦ |
| ૨૬. | આશા મેડિકલ એજન્સી | વડોદરા | ૬,૫૦૦ |
| ૨૭. | પારસ ડ્રગ હાઉસ | ભરૂચ | ૫,૦૦૦ |
| ૨૮. | રિલાયન્સ મેડીકેપ્સ | વડોદરા | ૫,૦૦૦ |
